પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૦૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૧-૧૨-૨૦૨૨ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## વિધાનસભાના પ્રથમ સત્રમાં જ કોંગ્રેસના ધારાસભ્યોનો વોકઆઉટ, શાસક પક્ષ પર નિયમોનું ઉલ્લંઘન કર્યાનો આરોપ

### કોંગ્રેસના ધારાસભ્યોએ સુત્રોચ્ચાર કર્યા હતા. વિરોધ પક્ષને ન્યાય આપોની માંગ સાથે તેઓએ નારેબાજી કરી

ગાંધીનગર,

આજે ૧૫ મી વિધાનસભાનું પ્રથમ સત્ર મળ્યુ હતુ. જો કે ૧૫મી વિધાનસભા સત્રના પ્રથમ દિવસની શરૂઆત જ હોબાળાથી થઈ. શાસક પક્ષો નિયમોનું ઉલ્લંઘન કર્યાના આરોપ સાથે વિપક્ષે વિધાનસભામાંથી વૉકઆઉટ કર્યું. તો આ સાથે રાજ્યપાલના સંબોધન પરના આભાર પ્રસ્તાવ અંગે પણ કોંગ્રેસે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો. રાજ્યપાલના આભાર પ્રવચનની કોપી ન મળી હોવાથી આભાર પ્રસ્તાવ અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો. કોંગ્રેસે સરકારી વિધેયકને પ્રાથમિકતા આપી આભાર પ્રસ્તાવ પર ચર્ચા અન્ય દિવસે કરવા વિનંતી કરવામાં આવી હતી. જો કે હોબાળા બાદ વિપક્ષે ગૃહમાંથી વોકઆઉટ કર્યું હતુ.

કોંગ્રેસના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ આક્ષેપ કર્યો કે- કામકાજ સલાહકાર સમિતિમાં રાજ્યપાલના આભાર પ્રસ્તાવની ચર્ચાની કોઈ જાણ કરવામાં નહોતી આવી. નિયમો પ્રમાણે ૨ થી ૩ દિવસ આભાર પ્રસ્તાવની ચર્ચા કરવાની હોય છે. પરંતુ નિયમોનું ઉલ્લંઘન કરીને ૨ કલાકમાં જ ચર્ચા પૂરી કરી દેવામાં આવી. મોઢવાડિયાએ કહ્યું કે, તેમણે આ મામલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને વિધાનસભા અધ્યક્ષને રજૂઆત કરી હતી. તેમ છતાં જવાબ આપ્યા વગર સીધા આભાર પ્રસ્તાવની ચર્ચા શરૂ કરી દેવાઈ હતી. તેમણે કહ્યું કે- વિપક્ષ પાસે પ્રજાનો અવાજ વિધાનસભામાં મૂકવાનો અધિકાર હોય છે. પરંતુ તે અધિકાર તેમની પાસેથી છીનવી લેવાયો છે. આ બાબતે રાજ્યપાલ અને અધ્યક્ષને પત્ર લખીને ફરિયાદ કરવામાં આવશે.કોંગ્રેસના વોક આઉટ મુદ્દે અર્જુન મોઢવાડિયાએ કહ્યું કે, આ ચર્ચા નિયમોના ભંગ સમાન છે. કામકાજ સલાહકાર સમિતિની બેઠક વગર કામકાજનો એજન્ડા નક્કી ન થઈ શકે. નિયમોનો પહેલા જ દિવસે ભંગ થઈ રહ્યો છે. અમે નેતા નક્કી નથી કર્યા પણ શાસક પક્ષે પણ નામ નથી માંગ્યા.

બીજી તરફ કોંગ્રેસના પોઈન્ટ ઓફ ઓર્ડર બાદ સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલે જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતુ કે, કમનસીબી છે કે કોંગ્રેસ નેતા નક્કી નથી કરી શકી, એટલે કોઈની સાથે વાત થઈ શકી નથી. જોકે વિધાનસભાના પૂર્વ અધ્યક્ષના ચુકાદાને ટાંકીને આભાર પ્રસ્તાવ યોગ્ય હોવાનુ તેમણે જણાવ્યુ હતુ. તો વોક આઉટ બાદ કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે પણ સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે, કામકાજ સલાહકાર સમિતિની રચના થઈ નથી. તેના વગર



વિધાનસભા ગૃહની કામગીરી નક્કી ન થઈ શકે. સંસદીય બાબતોના મંત્રી અમારી ચિંતા કરે છે એ યોગ્ય છે પણ નિયમોનું પાલન કરે તે પણ જરૂરી છે.

વોક આઉટ બાદ વિધાનસભા પરિસરમાં કોંગ્રેસના ધારાસભ્યોએ સુત્રોચ્ચાર કર્યા હતા. વિરોધ પક્ષને ન્યાય આપોની માંગ સાથે તેઓએ નારેબાજી કરી. અર્જૂન મોઢવાડિયાએ કહ્યું કે, કામકાજ સલાહકાર સમિતિમાં રાજ્યપાલના આભાર પ્રસ્તાવની ચર્ચા ક્યારે કરવાની છે તે પણ થઈ નથી. માત્ર ૨ કે ૩ કલાક માં પૂરું કરવાનું આયોજન છે. પ્રજાનો અવાજ વિધાનસભામાં મૂકવાનો હોય છે તેનો અધિકાર છીનવી લેવામાં આવ્યો છે. નિયમોના ઉલ્લંઘન કરવામાં આવ્યું માટે પ્રથમ દિવસે વોક આઉટ કરી વિરોધ કર્યો છે.રાજ્યપાલ અને અધ્યક્ષને પત્ર લખીને ફરિયાદ કરીશુ. અમારી પાર્ટી એ ઠરાવ કરીને નામ મોકલવાના હોય છે. તેની સૂચના અધ્યક્ષ શાસક અને વિરોધ પક્ષને કરવામાં આવતી હોય છે. ૧ દિવસમાં ચર્ચા પૂરી કરવાની શક્ય જ નથી.

આ પહેલા શંકર ચૌધરીએ વિધાનસભા અધ્યક્ષ તરીકે ચાર્જ સંભાળ્યો હતો. તેઓ ગુજરાત વિધાનસભાના પ્રથમ યુવા સ્પીકર બન્યા છે. ત્યારે અધ્યક્ષ તરીકે ચાર્જ સંભાળ્યા બાદ જણાવ્યુ હતુ કે, અધ્યક્ષ તરીકે પક્ષ અને વિપક્ષ બંનેના ધારાસભ્યોને સંતોષ થાય એવી કામગીરી કરીશ. તટસ્થ રહેવાનો પ્રયાસ કરીશ. સામાન્ય પ્રજામાં વિધાનસભામાં માત્ર ઝગડા જ થાય છે એ છાપ દૂર કરવા પ્રયત્ન કરીશ. સાથે જ યુવાનોને સંસદીય પ્રણાલી સાથે જોડવાનો સતત પ્રયાસ કરવામાં આવશે.

બનાસકાંઠાની થરાદ વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા શંકર ચૌધરી બનાસ ડેરીના ચેરમેન છે. તે ચૌધરી સમાજનો એક એવો ચહેરો છે જે ચૂંટણીમાં આગળ ચાલતા હતા અને તે બનાસકાંઠાનું સૌથી મોટુ માથુ છે. શંકર ચૌધરી ૨૦૧૪માં રાજ્યકક્ષાના પ્રધાન અને ભાજપના મહામંત્રી પણ રહી ચૂક્યા છે. આ ઉપરાંત ગુજરાત રાજ્ય સહકારી બેંકના વાઈસ ચેરમેન છે. બીજી તરફ પંચમહાલ જિલ્લાની શહેરા વિધાનસભા બેઠકથી સતત પાંચ-છ ટર્મથી જીતતા જેઠા ભરવાડ પંચમહાલ ડેરીના ચેરમેન છે અને પંચમહાલ જિલ્લા સહકારી બેંકના ચેરમેન પણ છે. જેઠા ભરવાડની સહકારી ક્ષેત્ર અને સંગઠનમાં પણ સારી પકડ છે. તેમણે પણ પોતાનો પદભાર સંભાળ્યો છે.

## મહારાષ્ટ્ર-કર્ણાટક વિવાદ : બોર્ડર પર ૫ હજાર પોલીસ કર્મીઓનો કાફલો ખડદી દેવાયો



મુંબઈ,

કર્ણાટક મહારાષ્ટ્રની વચ્ચે ચાલી રહેલા સીમા વિવાદને લઈ કર્ણાટક વિધાનસભામાં હંગામો શરૂ થઈ ગયો છે. સ્થિતિને જોતા બેલાગવીમાં મોટી સંખ્યામાં પોલીસ દળને તૈનાત કરવામાં આવ્યું છે. આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આ વિવાદમાં અલગ અલગ સમુદાયના લોકો હિંસા પણ કરી શકે છે. સરકારી પ્રવક્તા મુજબ હાલ વિધાનસભામાં સ્થિતિ નિયંત્રણમાં હોવાની સાથે બેલાગવીમાં શાંતિ છે, સ્થિતિને નિયંત્રિત કરવા અને કાયદો વ્યવસ્થા જાળવી રાખવા માટે શહેરમાં લગભગ ૫ હજાર પોલીસ કર્મીઓને તૈનાત કરવામાં આવ્યા છે. ત્યારે લગભગ ૨ હજારથી વધારે પોલીસકર્મીઓને રિઝર્વ રાખવામાં આવ્યા છે.

સરકારી પ્રવક્તા મુજબ તણાવપૂર્ણ માહોલને જોતા કુલ ૬ પોલીસ અધિક્ષકોને અલગ અલગ મોર્ચે તૈનાત કરવામાં આવ્યા છે. ત્યારે તેમના સપોર્ટ માટે વધુ ૧૧ પોલીસ અધિક્ષક, ૪૩ નાયબ અધિક્ષક, ૯૫ ઈન્પેક્ટર અને ૨૪૧ સબ ઈન્સ્પેક્ટરો સિવાય હજારોની સંખ્યામાં કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલ સામેલ છે. તેની સાથે જ જણાવવામાં આવ્યું કે વેક્સિન ડેપો મેદાનમાં મોટી સંખ્યામાં પોલીસકર્મી તૈનાત રહેશે. અહીં મધ્યવર્તી મહારાષ્ટ્ર એકીકરણ સમિતિ બેલગાવીને મહારાષ્ટ્ર સાથે વિલીનીકરણની માંગ સાથે વિરોધ કરી રહી છે.

મહારાષ્ટ્રના હાથકનાંગલે મતવિસ્તારમાંથી લોકસભાના સભ્ય ધૈર્યશીલ માનેનો વિનંતી પત્ર જિલ્લા સત્તાવાળાઓએ નકારી કાઢ્યો છે. અધિકારીઓએ કહ્યું કે તેમના ભડકાઉ ભાષણ અને નિવેદનથી શહેરમાં કાયદો વ્યવસ્થા બગડી શકે છે. સાંસદ માનેએ જિલ્લાના અધિકારીઓને લખેલા પત્રમાં પોતાની યાત્રા દરમિયાન વ્યવસ્થા રાખવાનો આગ્રહ કર્યો હતો. બીજી તરફ એમઈએસ સિવાય ઘણા અન્ય ખેડૂત સંગઠનોએ પણ બેલગાવીમાં પોતાની માંગને લઈ પ્રદર્શન શરૂ કરી દીધું છે. જણાવી દઈએ કે કર્ણાટક વિધાનસભા સત્ર વર્તમાન વિધાનસભાનું છેલ્લું સત્ર છે. ૪ મહિના બાદ કર્ણાટકમાં ચૂંટણી થવાની છે.

આ મુદ્દાને લઈ મહારાષ્ટ્ર એકીકરણ સમિતિ અને રાકાંપાના સભ્યોએ સોમવારે કર્ણાટક-મહારાષ્ટ્ર સરહદ પર કોગનોલી ટોલ પ્લાઝાની પાસે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. સ્થિતિ નિયંત્રણને બહાર જતી જોતા જિલ્લા તંત્રએ સમગ્ર વિસ્તારમાં કલમ ૧૪૪ લાગુ કરી દીધી છે. તેની સાથે જ જિલ્લા સિવાય આસપાસના જિલ્લાની પોલીસને પણ એલર્ટ કરી દેવામાં આવી. બીજી તરફ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે મહારાષ્ટ્ર અને કર્ણાટકની વચ્ચે મધ્યસ્થતા કરી છે. તેમને કહ્યું કે આ મુદ્દા પર હવે રાજનીતિ ના થવી જોઈએ. ત્યારે મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ વિધાનસભામાં કહ્યું કે આ સમય એકબીજાની સાથે ઉભો રહેવાનો છે, તેમાં રાજનીતિની વાત ના થવી જોઈએ.

## ચૂંટણી પંચે ૫૪.૩૨ કરોડ લોકોના આધાર લીધા, પરંતુ એક પણ વોટર આઈડી સાથે લિંક નથી કર્યા

નવીદિલ્હી,

ચૂંટણી પંચે ૧ ઓગસ્ટથી ૧૨ ડિસેમ્બર વચ્ચે નોંધાયેલા મતદારો પાસેથી ૫૪.૩૨ કરોડ આધાર કાર્ડ એકત્ર કર્યા હતા. આમાંથી એક પણ આધારને વોટર ID સાથે લિંક કરવાની પ્રક્રિયા હજુ શરૂ થઈ નથી. ચૂંટણી પંચે ૧૫ ડિસેમ્બરે માહિતી અધિકારમાં મળેલી માહિતી અનુસાર સૂત્રોને જણાવ્યું હતું.સંસદે ચૂંટણી કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૧ પસાર કર્યા પછી ચૂંટણી પંચે ઓગસ્ટ ૧ ના રોજ વિશેષ અભિયાન શરૂ કર્યું હતું, જેણે તેને મતદાર આઈડી સાથે લિંક કરવા માટે આધાર નંબર એકત્રિત કરવાની સત્તા આપી હતી.૧૭ જૂનના રોજ, કાયદા મંત્રાલયે ૧ એપ્રિલ, ૨૦૨૩ છેલ્લી તારીખ તરીકે સૂચિત કર્યું હતું કે, મતદારો ફોર્મ ૬ બી ભરીને મતદાર આઈડી સાથે લિંક કરવા માટે તેમનો આધાર સબમિટ કરી શકે છે. ગયા અઠવાડિયે, ચૂંટણી પંચના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, કુલ ૯૫ કરોડ નોંધાયેલા મતદારોમાંથી લગભગ અડધા લોકોએ તેમના આધારને મતદાર આઈડી સાથે લિંક કર્યા છે.

ચૂંટણી પંચે ૪ જુલાઈએ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીઓને ૧ ઓગસ્ટથી ફોર્મ-૬બીમાં મતદારોના આધાર નંબર એકત્ર કરવા માટેનો કાર્યક્રમ હાથ ધરવા નિર્દેશ આપ્યો હતો. જોકે, ચૂંટણી પંચના પ્રવક્તાએ હજુ સુધી લિક્િંગ કેમ શરૂ નથી થયું તે અંગે કોઈ ટિપ્પણી કરી નથી.જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે મતદાર આઈડી સાથે કેટલા આધાર નંબરો લિંક કરવામાં આવ્યા છે, ત્યારે ચૂંટણી પંચે એક આરટીઆઈ પ્રશ્નનો જવાબ આપ્યો કે 'એવું જણાવવામાં આવે છે કે મતદાર યાદી-ઈપીઆઈસી ડેટાબેઝને આધાર ડેટાબેઝ સાથે લિંક કરવાની પ્રક્રિયા હજુ શરૂ કરવામાં આવી નથી. એ પણ જણાવવામાં આવ્યું છે કે ૦૧.૦૮.૨૦૨૨ થી ૧૨.૧૨.૨૦૨૨ સુધીમાં વર્તમાન મતદારો પાસેથી પ્રાપ્ત ફોર્મ-૬બીની કુલ સંખ્યા ૫૪,૩૨,૮૪,૭૬૦ છે.

કેટલી એન્ટ્રીઓ કાઢી નાખવામાં આવી છે અથવા ડુપ્લિકેટ કે છેતરપિંડીના કેસો શોધી કાઢવામાં આવ્યા છે, તેવા પ્રશ્નના જવાબમાં,ઈસીએ જવાબ આપ્યો કે, ઉપર જણાવ્યા મુજબ આધાર લિંકિંગ શરૂ કરવામાં આવ્યું નથી, આધાર લિંકિંગના આધારે હજી સુધી આવી કોઈ એન્ટ્રી કરવામાં આવી નથી. આરટીઆઈના જવાબમાં એ પણ નિર્દેશ કરવામાં આવ્યો છે કે, ચૂંટણી પંચે ૪ જુલાઈએ રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીઓને ૧ ઓગસ્ટથી 'ફોર્મ-૬ બીમાં સ્વૈચ્છિક ધોરણે વર્તમાન મતદારોના આધાર નંબર એકત્ર કરવા માટે એક કાર્યક્રમ ચલાવવા' નિર્દેશ આપ્યો હતો. આ સવાલનો જવાબ હજુ સુધી ચૂંટણી પંચ તરફથી મળ્યો નથી કે વોટર આઈડીને આધાર સાથે લિંક કરવાનું કામ હજુ સુધી કેમ શરૂ નથી થયું?

દરમિયાન, લોકસભામાં સાંસદો રિતેશ પાંડે, પ્રદ્યુત બોરદોલોઈ અને સૈયદ ઈમ્તિયાઝ જલીલના પ્રશ્નના જવાબમાં કાયદા પ્રધાન કિરેન રિજિજુએ સ્પષ્ટતા કરી હતી કે આધાર અને મતદાર આઈડી લિંક ન કરવા બદલ કોઈ પણ મતદારને યાદીમાંથી દૂર કરવામાં આવશે નહીં. મંત્રીના લેખિત જવાબમાં કહેવામાં આવ્યું છે કે, આધાર નંબરોને 'આધાર ડેટા વૉલ્ટ' નામથી સ્ટોર કરવામાં આવ્યા છે. મંત્રીએ જવાબ આપ્યો કે, ઈસીઆઈ યુઆઈડીએઆઈ દ્વારા નિર્ધારિત માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરે છે અને તેના ડેટાબેઝમાં આધાર નંબર સંગ્રહિત કરતું નથી. આધાર નંબરનો ઉપયોગ માત્ર પ્રમાણીકરણ હેતુઓ માટે થાય છે અને ઈસીઆઈ યુઆઈડીએઆઈ આધાર ડેટાબેઝમાંથી કોઈપણ વ્યક્તિગત જાણકારી ફરીથી પ્રાપ્ત કરતું નથી.

## શંકર ચૌધરી વિધાનસભાના અધ્યક્ષ બન્યા, તેમનું માર્ગદર્શન મળતું રહેશે : મુખ્યમંત્રી



ગાંધીનગર,

૧૫મી ગુજરાત વિધાનસભાના નવનિયુક્ત અધ્યક્ષ તરીકે શંકર ચૌધરીની સર્વાનૂમતે વરણી કરવામાં આવી છે. વિધાનસભા ગૃહના નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અધ્યક્ષ તરીકે વરણી માટે શંકર ચૌધરીના નામના રજૂ કરેલા પ્રસ્તાવને સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલે સમર્થન આપ્યું હતું. સમગ્ર વિધાનગૃહે આ પ્રસ્તાવને ટેકો આપતાં ૧૫મી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે શંકર ચૌધરીની વરણી કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવા વરાયેલા અધ્યક્ષ શંકર ચૌધરીને અધ્યક્ષ પદનો કાર્યભાર સંભાળવા માટે અભિનંદન પાઠવ્યા હતા. તેમણે લોકશાહીના આ મંદિરમાં ઉજ્જ્વળ પરંપરાઓને જાળવી રાખવા તેમજ પૂર્વ અધ્યક્ષોએ કરેલા નિર્ણયોને જીવંત રાખી સભાગૃહના સૌ સભ્યોના સહિયારા પ્રયાસમાં નવનિયુક્ત અધ્યક્ષનું માર્ગદર્શન સતત મળતું રહેશે તેવી અપેક્ષા દર્શાવી હતી.

ગૃહના નેતા અને મુખ્યમંત્રીએ નવનિયુક્ત અધ્યક્ષ શંકર ચૌધરીએ બનાસડેરી સહિત બહુવિધ સહકારી ક્ષેત્ર તેમજ ગરીબ, વંચિત, લોકોના આવાસ, આરોગ્ય, શિક્ષણ, આજીવીકા માટે આપેલા મહત્વપૂર્ણ પ્રદાનની પ્રસંશા કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શંકર ચૌધરીની અધ્યક્ષ તરીકેની કામગીરીથી ૧૫મી ગુજરાત વિધાનસભાનો પાંચ વર્ષનો કાર્યકાળ સંસદીય પ્રણાલિકાઓના સંવર્ધન માટેનો સુવર્ણકાળ બની રહેશે, તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. મુખ્યમંત્રીએ આ તકે ૧૫મી વિધાનસભાના સૌ નવનિર્વાચીત સભ્યોને પણ આવકારીને અભિનંદન પાઠવ્યા હતા.

## અરવલ્લી જિલ્લાના ખેડૂતો દિલ્હીના રામલીલા મેદાન પર પહોંચ્યાં, પડતર પ્રશ્નોના નિરાકરણ માટે આંદોલન

નવીદિલ્હી,

વિધાનસભાની ચૂંટણીઓ પૂર્ણ થઈ છે ત્યારે હવે લોકસભાની ચૂંટણી પહેલા સરકાર સામે ખેડૂતોએ પોતાની પડતર માંગણીઓ માટે મોરચો માંડ્યો છે.અરવલ્લી જિલ્લાના ખેડૂતો પડતર માંગણીઓને લઈને દિલ્હી ગયા છે.જેમાં વીજળી, ખેતપાકના પોષણક્ષમ ભાવો સહિતના મુદ્દાઓને લઈને માંગો કરાઈ રહી છે.

છેલ્લા કેટલાક સમયથી ખેડૂતો પોતાની માંગણીઓને લઈને કોઈને કોઈ રીતે આંદોલન ચલાવી રહ્યાં છે. ભારતીય કિસાન સંઘ દ્વારા ભારતના ખેડૂતોની દિલ્હી ખાતે કિસાન ગર્જના રેલીમા આવવા આહ્વવાન કરાયું હતુ, આ રેલીમાં ભાગ લેવા અરવલ્લી જિલ્લાના ૨૫૦ કરતા પણ વધુ ખેડૂત, સંગઠનના હોદ્દેદારો દિલ્હી પહોંચ્યાં હતા. અરવલ્લી જિલ્લા કિસાન સંઘના મંત્રીએ જણાવ્યું કે, હાલ ખેડૂતોને તેમની ઉપજના યોગ્ય ભાવ મળતા નથી અને ખેતી માટે વપરાતા જરૂરી પદાર્થો ખાતર, બિયારણ, રાસાયણિક દવાઓના દર વધારે હતા અને તેમાં જીએસટી લાદવામાં આવ્યો હતો. જેથી ખેતી પરવડે તેમ નથી.ત્યારે આ ભાવ વધારો ઓછો કરવા અને ખેડૂતોની માંગણીઓ બાબતે આજે નવી દિલ્હીમાં ખેડૂતો સરકાર સામે માંગો કરશે.

## ઉત્તર ભારતમાં ધુમ્મસના કહેરથી માર્ગ અકસ્માતમાં વધારો : માત્ર એક જ દિવસમાં યુપીમાં ૧૩નાં મોત, હરિયાણાના નાયબ મુખ્યમંત્રીના કાફલાને પણ અકસ્માત નડયો

નવીદિલ્હી,

ધુમ્મસના કારણે અનેક જીવલેણ અકસ્માતો થયા હતા, જેમાં એક ડઝનથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા. હરિયાણાના ડેપ્યુટી સીએમ દુષ્યંત ચૌટાલાના કાફલાનું વાહન પણ ધુમ્મસના કારણે અન્ય વાહન સાથે અથડાયું હતું. ડેપ્યુટી સીએમ દુષ્યંત ચૌટાલા બચી ગયા. આ સાથે રાજધાની દિલ્હીને અડીને આવેલા ગ્રેટર નોઈડામાં ગાઢ ધુમ્મસના કારણે એક બસ પલટી ગઈ હતી. આ ઘટના દાનકૌર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગલગોટિયા યુનિવર્સિટીની સામે બની હતી. ગ્રેટર નોઈડામાં બસની આગળ ચાલતું કન્ટેનર અચાનક બંધ થઈ જવાને કારણે પાછળથી બસ સાથે અથડાયું હતું. આ અકસ્માતમાં લગભગ ૨૦ લોકો ઘાયલ થયા છે અને એક વ્યક્તિનું મોત થયું છે. બસ ઝાંસી થઈને દિલ્હી જઈ રહી હતી. બસ ગલગોટિયા યુનિવર્સિટીની સામે પહોંચી કે તરત જ તેની સામે ચાલતું કન્ટેનર અચાનક થંભી ગયું. કહેવામાં આવી રહ્યું છે કે, ત્યાં વિઝિબિલિટી ઓછી હોવાને કારણે વાહનોની સ્પીડ બંધ થઈ ગઈ હતી. ત્યારે બસ પાછળથી આવતા કન્ટેનર સાથે અથડાઈ હતી અને પલટી ખાઈ ગઈ હતી. જેના કારણે બસ લગભગ ૨૦ ફૂટ નીચે પડી હતી. માહિતી મળતાં જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. પોલીસ તરફથી કહેવામાં આવ્યું છે કે અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. ઉત્તર ભારતમાં અનેક અકસ્માતો થયા હતા, જેમાં એકલા ઉત્તર પ્રદેશમાં ૧૩ લોકોના મોત થયા હતા. આજે પણ ધુમ્મસના કારણે અનેક જગ્યાએ અકસ્માતો નોંધાયા છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, સોમવારે ગાઢ ધુમ્મસના કારણે યુપીના ઘણા જિલ્લાઓમાં માર્ગ અકસ્માતો થયા હતા. આ અકસ્માતો દરમિયાન ઔરૈયામાં ત્રણ, કાનપુર દેહાત, અલીગઢ અને મૈનપુરીમાં બે-બે લોકોએ જીવ ગુમાવ્યા હતા. તેવી જ રીતે, યુપીના બુલંદશહર, ઉન્નાવ, હાપુડ અને સહારનપુર જિલ્લામાં એક-એક મૃત્યુ થયું છે. આ અકસ્માતોમાં અનેક લોકો ઘાયલ થયા છે, જેમની સારવાર હોસ્પિટલમાં ચાલી રહી છે.

## ચીનમાં ફરી કોરોનાનો ઉપાડો : મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે લાઈન લાગી, વેઈટિંગ લિસ્ટ ૨૦૦૦ સુધી પહોંચી ગયું છે.

બીજીંગ,

ચીનમાં શુન્ય કોવિડ પોલિસીને હળવી કરતા જ લાખો લોકોન ફરીથી કોરોના સંક્રમિત થવાની અને લાખો લોકોના મોત નિપજવાની આશંકા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કોરોનાથી સંક્રમિત થયેલા લોકોને હોસ્પિટલમાં દાખલ થવા અને મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે રાહ જોવી પડે છે. કોરોનાના દર્દીઓ અને મૃતકોની સંખ્યા સતત વધી રહી છે. ચીનમાં આગામી ત્રણ મહિનામાં કોરોનાની નવી લહેરનો ખતરો તોળાઈ રહ્યો છે. ચીનમાં કોરોનાથી ૧૦ લાખથી વધુ લોકોના મોતની આશંકા છે. જેના કારણે સમગ્ર વિશ્વમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઑક્ટોબર સુધી, ચીન તેની શૂન્ય કોવિડ નીતિના આધારે કોરોના સામે યુદ્ધના ધોરણે સામનો કરી રહ્યું હતું, પરંતુ લોકડાઉન વિરુદ્ધ શરૂ થયેલી હિલચાલને પગલે શૂન્ય કોવિડ પોલીસીને હળવી કરીને પ્રતિબંધોમાં રાહત આપવાની ફરજ પડી હતી. ત્યાર બાદથી પરિસ્થિતિ ઝડપથી બગડવા લાગી છે. ત્રણ વર્ષ પહેલા ડિસેમ્બરમાં જ વિશ્વમાં કોરોનાનો પ્રથમ કેસ ચીનમાં જોવા મળ્યો હતો. ત્યારથી ચીન તેની સામે લડી રહ્યુ છે.

મહામારી વિશેષજ્ઞ એરિક ફીગેલ ડિંગે એક વીડિયો શેર કરીને ચેતવણી ઉચ્ચારી છે કે ચીનમાં કોરોનાની સ્થિતિ ઝડપથી વણસી રહી છે. સમગ્ર દેશમાં કોરોનાનો ચેપ ઝડપથી પ્રસરી રહ્યો છે. ડીંગ અમેરિકન જાહેર આરોગ્ય ક્ષેત્રના વૈજ્ઞાનિક છે. તેઓ હાલમાં ન્યૂ ઈંગ્લેન્ડ કોમ્પ્લેક્સ સિસ્ટમ્સ ઈન્સ્ટિટ્યૂટમાં કોવિડ ટાસ્ક ફોર્સના વડા પણ છે.

રિપોર્ટ્સ અનુસાર ચીન સતત કોરોનાના આંકડા છુપાવી રહ્યું છે. નવેમ્બરના મધ્ય સુધીમાં, સત્તાવાર રીતે કોરોનાથી ૧૧ લોકોના મૃત્યુ થયા હોવાની જાણ કરવામાં આવી છે, જ્યારે ચીનમાં દરરોજ ૧૦,૦૦૦ થી વધુ સંક્રમિત જોવા મળી રહ્યા છે. બીજી તરફ, અંતિમ સંસ્કારના સ્થળો, સ્મશાન અને હોસ્પિટલોના વીડિયો અલગ જ સ્થિતિ દર્શાવી રહ્યું છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે, ચીનમાં હોસ્પિટલો કોરોનાના દર્દીઓથી ઉભરાઈ રહી છે. મૃતદેહના અંતિમ સંસ્કાર માટે લાઈન લાગી રહી છે. કોવિડને કારણે મૃત્યુની સંખ્યા સતત વધી રહી હોવાથી હોસ્પિટલોના શબઘરોમાં સ્ટાફની વધારાની તહેનાતી કરવામાં આવી રહી છે.

કોવિડ નિષ્ણાતોએ એવી ચેતવણી છે કે આગામી ૯૦ દિવસમાં, એટલે કે ત્રણ મહિનામાં ચીનની ૬૦ ટકાથી વધુ વસતિ અને પૃથ્વીની ૧૦ ટકા વસતિ કોરોનાથી સંક્રમિત થવાની આશંકા છે અને લાખો લોકો મૃત્યુ પામશે. કોવિડ -૧૯ પ્રતિબંધો હળવા કર્યા પછી ચીનમાં કોરોના વાઈરસના કેસોની સંખ્યામાં ભારે વધારો જોવા મળી રહ્યો છે. એપિડેમિયોલોજિસ્ટ અને હેલ્થ ઈકોનોમિસ્ટ એરિક ફેઈગલ-ડિંગે કહ્યું હતું કે ચીનમાં હોસ્પિટલો ખીચોખીચ ભરાઈ ગઈ છે અને આવનારા દિવસો વધારે ભયાનક હશે. અત્યારે પણ સ્મશાનોમાં લાશોના ઢગલા છે. વિશ્વએ ફરી કોવિડનો સામનો કરવા તૈયાર રહેવું પડશે.

વોલ સ્ટ્રીટ જર્નલનો અહેવાલ છે કે કોવિડના દર્દીઓ માટે બીજિંગના એક નક્કી કરેલા સ્મશાનમાં હાલના દિવસોમાં લાશોના ઢગલા જોવા મળે છે, કારણ કે વાઈરસ ચીનની રાજધાનીમાં ફેલાયો છે. સ્મશાનની મહિલા કર્મચારીએ કહ્યું હતું કે કોવિડ પછી અમારા પર કામનું ભારણ વધી ગયું છે. ૨૪ કલાક અંતિમસંસ્કાર ચાલે છે. મહિલાના કહેવા મુજબ, સામાન્ય દિવસોમાં રોજ ૩૦થી ૪૦ મૃતદેહો આવે છે પણ હમણાં હમણાં રોજના ૨૦૦થી વધારે મૃતદેહો આવે છે. ફેઈગલ-ડિંગના જણાવ્યા મુજબ, ચાઈનીઝ કોમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી)નું ધ્યેય છે "જેને પણ ચેપ લાગે છે તેને ચેપ લાગવા દો; જે મરે છે તેને મરવા દો." અત્યારે ચીનમાં કોવિડ તબાહી મચાવે છે અને હજુ પણ મચાવશે, પણ ત્યાંની સરકારને કાંઈ પડી નથી. ટૂંકમાં, ચીનમાં કોરોના વિસ્ફોટ થયો છે અને આગામી ત્રણ મહિનામાં ચીન લગભગ તબાહ થઈ જશે અને પૃથ્વીની ૧૦ ટકા વસતિ પણ સંક્રમિત થશે. આગામી વર્ષે ૧૦ લાખ લોકોનાં મોત થવાની આશંકા છે.બીજિંગમાં સ્મશાનમાં ૨૪ કલાક અંતિમસંસ્કાર કરવામાં આવે છે. સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે અંતિમસંસ્કાર માટે વેઈટિંગ લિસ્ટ ૨૦૦૦ સુધી પહોંચી ગયું છે.

# મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


# સંતરામપુરના ડોળી ગામે મામલતદારના ચેકીંગ દરમિયાન ૪૧ ગેસના બોટલ મળી આવ્યા




તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ડોળી ગામે સંતરામપુર મામલતદાર આકાશ તપાસ હાથ ધરતા ઈન્ડિયન ગેસની ૪૧ બોટલ મળી આવી અને ગોડાઉન સીલ કરવામાં આવ્યો. સંતરામપુર તાલુકાના ડોડી ગામે પરમાર જયંતીભાઈ પુંજાભાઈ ગેરકાયદેસર રીતે જાહેર માર્ગો પર પત્રનું ગોડાઉન બનાવીને જ્યાં દરેક વ્યક્તિની મોટી સંખ્યામાં અવરજવર રહેતી હોય છે. આવા વિસ્તારમાં ગેસની બોટલની ગેરક રીતે વેચાણ કરવા માટે ખોલી રાખેલી હતી. ગોધરાના ધનશ્યામ ગેસ એજન્સી અને મૈત્રી ગેસ એજન્સીની ૯૯ નંગ ચોપડીઓ જપ્ત કરેલી હતી અને ૪૧ બોટલ મળી આવેલા હતા. સંતરામપુર મામલતદાર પચાસ હજારનો મુદ્દામાલ જપ કરેલો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી હતી અનલિગલી ગેસની બોટલની વેચાણ હાથ ધરેલું હતું અને કોઈ પણ પ્રકારની ડીલરશીપ લીધેલી ન હતી અને ઊંચા ભાવે બોટલનું વેચાણ પણ કરતા હતા. સંતરામપુર મામલતદાર આકસ્મિત મુલાકાત લઈ ગોડાઉનને સીલ કરેલો હતો. સંતરામપુર મામલતદાર સંગાડા નાયબ મામલતદાર ધવલભાઈ પટેલ અને તેમની ટીમ એ ગેરકાયદેસર રીતે ઈન્ડિયન બોટલની ગેસની એજન્સી ચલાવનાર સામે કાર્યવાહી કરી અને મુદ્દા માલ જપ્ત કરવામાં આવેલો હતો.

## ડીટવાસ એમ્બ્યુલન્સની ઉત્તમ કામગીરી સામે આવી એમ્બ્યુલન્સમા પ્રસૂતિ કરાવી માતા અને બાળકનો જીવ બચાવ્યો



લુણાવાડા,

પ્રસૂતિનો દુખાવો ઉપડતા ૧૦૮ને પરીવારજનોએ કોલ કર્યો હતો. EMT સુધાબેન ઠાકોર પાયલોટ નિકુજ જોષી ઘટના સ્થળે પહોંચ્યા હતા પછેરગામ માતાને વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં પહોંચાડતા રસ્તામાં પ્રસુતિનો વધુ દુખાવો ઉપડતા. EMT સુધાબેન ઠાકોર અને પાયલોટ નિકુંજ જોષી સ્થળ પર જ ડિલિવરી કરવાની ફરજ પડી હતી. ડીટવાર એમ્બ્યુલન્સ પર ફરજ બજાવતા EMT સુધાબહેન ઠાકોર ડીલેવરી કરાવી માતા અને બાળકનો જીવ બચાવ કરેલ છે. ત્યારે પછેર ગામના પરીવારજનોએ ડીટવાસ એમ્બ્યુલન્સ પર ફરજ બજાવતા EMT સુધાબહેન ઠાકોર અને નિકુંજભાઈ જોષીનો પરીવારજનોએ લાંબા આયુષ્યના આર્શીવાદ આપ્યા અને આભાર માન્યો હતો.

## જેસાવાડાના કિરણસિંહ ચાવડા ને કબીર કોહિનૂર એવોર્ડ ૨૦૨૩ માટે પસંદ કરવામાં આવ્યા



ગરબાડા,

ગરબાડા તાલુકાના ગામના વતની અને ભૂતવડ પ્રાથમિક શાળાના આચાર્ય કિરણસિંહ ચાવડાને સદગુરૂ કબીર આશ્રમ સેવા સંસ્થાન બડી ખાટૂ, નાગૌર રાજસ્થાન અને સદગુરૂ કબીર કેશવ મંદિર સંત નાનકદાસ સનાતન ધર્મ ટ્રસ્ટ ભારત તથા સદગુરૂ કબીર સમાધિ સ્થળ મગહર, સંત કબીર નગર ઉત્તર પ્રદેશના સંયુક્ત ઉપક્રમે કબીર કોહિનૂર એવોર્ડ ૨૦૨૩ માટે પસંદ કરવામાં આવ્યા છે. જે તારીખ પાંચમી ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ ડો.આંબેડકર આંતરરાષ્ટ્રીય હોલ જનપથ રોડ નઈ દિલ્હી ખાતે પૂરા ભારતના વિશિષ્ટ ૧૦૦ વ્યક્તિઓ ને સન્માનવામાં આવશે. જેમાં અભિનેતા, પ્રાકૃતિક ખેતી, ભામાશા, હસ્તકલા, પ્રાકૃતિક પર્યાવરણ સુરક્ષા, ગૌ સેવા, અનુકરણિય સરકારી સેવા, હિન્દી ભાષા પ્રચાર પ્રસાર, પત્રકારિતા, કબીર ગાયન, નેતૃત્વ વિવિધ વિશેષજ્ઞ દર્પણ લેખન વ્યસન મુકિત, પ્રોફેસર, રાષ્ટ્રીય લેખક, સર્વ ધર્મ સમાન, સાંસ્કૃતિક રક્ષા, ગાયન અને કલા સંસ્કૃતિ, સમાજ સેવા, ઉત્કૃષ્ટ શિક્ષણ સેવા, અનુવાદક અને સમાજ સેવા, વ્યંગ લેખન, તકનીકી નવાચાર અને વેબસાઈટ વિકાસ, મહિલા શકિતકરણ, સાહિત્યકારિકતા લેખન, લેખક અને ફિલ્મ નિર્દેશક જેવી વિવિધ શ્રેણીમાં ભારત દેશ માંથી પસંદ કરેલ વિશિષ્ટ વ્યક્તિઓને કબીર કોહિનૂર એવોર્ડ ૨૦૨૩ આપી સન્માન કરવામાં આવશે.



ઝાલોદ તાલુકાના કંબોઈધામ ખાતે ગુરૂ ગોવિંદ મહારાજની ૧૬૪ મી જન્મજયંતી નિમિત્તે ઉજવણી કરવામાં આવી. મંદિર પર સંતો-ભક્તો અને ટ્રસ્ટના આગેવાનો દ્વારા ધજા આરોહણ કરવામાં આવ્યું. ત્યારબાદ મંદિર પરિસરમાં ગુરૂગોવિંદ મહારાજની સમાધિનું દર્શન કરી પૂજન-અર્ચન કરી સભા સંમેલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહી જિલ્લા પંચાયત પ્રમુખ શીતલકુમારી વાઘેલાએ સમસ્ત ભકતજનોને જે રામજી, જે ગુરૂમાલિક થી સંબોધન કર્યું હતું.

## પંચમહાલ જિલ્લામાં ધાડ-લુંટ, ખુન અને ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીઓની બાતમી આપનારને ઈનામ આપવાની જાહેરાત

ગોધરા,

પંચમહાલ જિલ્લા પોલીસ પ્રશાસન દ્વારા પંચમહાલ જિલ્લામાં બનતા ધાડ–લુંટ, ખુન, ઘરફોડ ચોરી, આર્મ્સ એકટના ગુના તેમજ પ્રોહિ અને ચોરીઓ જેવા ગુનાઓમાં છેલ્લા ઘણા લાંબા સમયથી નાસતા ફરતા ખુંખાર વોન્ટેડ આરોપીને ઝડપી પાડવામાં મદદરૂપ થનાર કે બાતમી આપનારનુ નામ સરનામુ ગુપ્ત રાખીને બાતમીદારો રોકડ ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવી છે. ગૃહવિભાગ ગુજરાત સરકારના ઠરાવ મુજબ જિલ્લામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડવામાં પોલીસને મદદ કરવાની ભુમિકાના ભાગરૂપે તેમજ ગંભીર ગુનાઓમાં ભાગેડુ નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડવામાં મદદરૂપ થનાર ખાનગી વ્યકિત બાતમીદારને રોકમ ઈનામ આપવાની જોગવાઈ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી દ્વારા જાહેરાત કરાઈ છે કે, પંચમહાલ જિલ્લાના ટોપ–૧૦ ફરાર આરોપીઓની ચોકકસ માહિતી આપનાર અથવા તો પકડવામાં મદદરૂપ થનાર વ્યકિતનુ નામ ગુપ્ત રખાશે અને રોકડા રૂ.૧૦ હજાર ઈનામની જાહેરાત કરાઈ છે.

## ઘોઘંબાના નવાનગર સરપંચ વિરુદ્ધ પાંચ સભ્યો દ્વારા અવિશ્વાસની દરખાસ્ત લવાઈ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના નવાનગર ગામના સરપંચ કેતનભાઈ રમેશભાઈ રાઠવા સામે પંચાયતના ચુંટાયેલા સભ્યો પૈકી પાંચ સભ્યો દ્વારા અવિશ્વાસ પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો હતો. જેમાં ગ્રામ પંચાયતના કુલ આઠ સભ્યો હતા. જેમાંથી બે સભ્યોને બે કરતા વધારે સંતાન હોવાથી તેઓને ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા. અને બાકીના છ સભ્યો પૈકી પાંચ સભ્યો રાઠવા મનીયાભાઈ રૂપસિંગ, ચંપાબેન અર્જુનભાઈ, રમીલાબેન કનુભાઈ, રાળીબેન દશરથભાઈ તથા મહિતભાઈ રાઠવાએ સરપંચ સામે અસંતોષ જાહેર કરતા ચક્ચાર મચી જવા પામી છે. અસંતુષ્ટ સભ્યોએ આક્ષેપ લગાવ્યા છે કે, સરપંચ કેતનભાઈ દ્વારા સભ્યોની કોઈ વાત માનવામાં આવતી નથી. અને પોતાની મનમાની રીતે પંચાયતનો વહીવટ ચલાવે છે. તેમજ પોતાના લાગતા વળગતા મળતિયાઓને લાભ કરાવવા માટે પક્ષપાત ભર્યુ વલણ દાખવતા હોવાથી ગ્રામજનોમાં તેમજ પોતાના વોર્ડમાં મતદારો સામે ખોટા પડતા હોવાની લાગણી અનુભવી રહ્યા છીએ તેવા આક્ષેપો કર્યા હતા. છેલ્લા છ મહિનાથી અનેકવાર સરપંચને રજુઆત કરવામાં આવતા સરપંચ કેતનભાઈ દ્વારા ઉડાઉ જવાબો આપવામાં આવી રહ્યા હોવાથી ના છુટકે તેઓની સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની ફરજ પડી હોવાનુ સભ્યોએ જણાવ્યુ હતુ.



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

**દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં આવેલ વાંગડ સીઆરસીની વલુંડી પ્રાથમિક શાળા દ્વારા શાળાના વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યને વધુ અસરકારક અને પરિણામલક્ષી બનાવવાના આશયથી વિવિધ સ્થાનોની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કર્યું છે. જેના અનુસંધાને ન્યાય મંદિર ફતેપુરા, સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા (વિજ્ઞાન પ્રવાહ) ફતેપુરા તેમજ નર્સિંગ કોલેજ ફતેપુરાની શૈક્ષણિક મુલાકાતોનું આયોજન કરવામાં આવ્યું હતું. ન્યાય મંદિર ફતેપુરાના સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને ન્યાય મંદિરની ભૂમિકા વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી. ન્યાય મેજિસ્ટ્રેટ દ્વારા વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ મેળવીને તનતોડ મહેનત કરી પોતાના ભવિષ્યને સફળ બનાવવા માટે પ્રોત્સાહન પુરૂં પાડ્યું. વિદ્યાર્થીઓને કોર્ટની કાર્યવાહી જોવાનો અવસર પ્રાપ્ત થયો.**

# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ : સંધ્યા સભા-સંવાદિતા દિન





**સમગ્ર વિશ્વમાંથી અનેકવિધ ધર્મો અને સંપ્રદાયોના પ્રતિનિધિઓએ પ્રમુખસ્વામી મહારાજ નગરમાં એક મંચ ઉપર ઉપસ્થિત રહી આંતરધર્મીય સંવાદિતાને ઘૂંટાવી**

**-વિશ્વના વિવિધ ધર્મોના અગ્રણીઓ એક મંચ પર**

**: પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે ધર્મ-પ્રમુખસ્વામી મહારાજના સૌહાર્દપૂર્ણ સહ-અસ્તિત્વને ચરિતાર્થ કરતી વિશિષ્ટ રજૂઆત - સંવાદિતા દિન :**

– સંયુક્ત રાષ્ટ્રસંઘ (UN)માં International Human Solidarity Day આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિન તરીકે ઘોષિત ૨૦ ડિસેમ્બરના રોજ, પ્રમુખસ્વામી મહારાજ નગરમાં આંતરધર્મીય સંવાદિતાનું અનોખું દર્શન

– આધ્યાત્મિક જગતમાં સીમાતીત અને સર્વના સ્વજન સમા પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય વ્યક્તિત્વને વિવિધ ધર્મ પરંપરાઓના પ્રતિનિધિઓએ શ્રદ્ધાંજલિ આપી

– અમેરિકામાં ૨૦૦૦ માં યોજાયેલ મિલેનિયમ વિશ્વધર્મ પરિષદમાં પ્રમુખસ્વામી મહારાજે કર્યું હતું સનાતન ધર્મનું પ્રતિનિધિત્વ.

– પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે વિશ્વના ધાર્મિક અગ્રણીઓ સાથે સંવાદ.

– ઈન્ડોનેશિયા ખાતે નવેમ્બર ૨ અને ૩ ના રોજ છ૨૦ રિલીજીયસ ફોરમમાં ધાર્મિક અગ્રણીઓ સાથે સંવાદ.

– USA માં ૧૦ જેટલી યુનિટી ફોરમ દ્વારા વિવિધ ધાર્મિક સંસ્થાઓ અને ૩૩૫ જેટલાં મંદિરોના ૧૦૦૦ કરતાં વધુ અગ્રણીઓ સાથે સંવાદ.

– મે, ૨૦૨૨ માં રિયાધ, સાઉદી અરેબિયા ખાતે ૩૫ દેશોના ૯૦ ધાર્મિક અગ્રણીઓ સાથે સંવાદ.

આજે મહોત્સવના છઠ્ઠા દિવસે, પ્રમુખસ્વામી મહારાજ નગરમાં વિશાળ ભક્તમેદનીથી છલકાતાં નારાયણ સભાગૃહમાં વિશ્વના વિવિધ ધર્મો અને સંપ્રદાયોના પ્રતિનિધિઓ આજના સંવાદિતા દિન કાર્યક્રમમાં સમ્મિલિત થયા હતા.

ભગવાનના ધૂન, પ્રાર્થના અને કીર્તન સાથે સાંજે ૫.૧૫ વાગ્યે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. વિશ્વભરમાં શાંતિ અને સંવાદિતાના દૂત એવા પ્રમુખસ્વામી મહારાજને યુવાવૃંદ દ્વારા વિશિષ્ટ નૃત્ય દ્વારા અંજલિ આપવામાં આવી હતી. ઉપરાંત પ્રમુખસ્વામી મહારાજના સંવાદિતાનાં વૈશ્વિક કાર્યોને અને તેઓની ઉદાત્ત જીવનભાવનને દર્શાવતી વિડીયો પ્રસ્તુત થઈ હતી.

હિન્દુ, જૈન બૌદ્ધ, શીખ, ખ્રિસ્તી, મુસ્લિમ, યહૂદી કે અન્ય કોઈપણ ધર્મો અને સંપ્રદાયો પ્રતિ પ્રમુખસ્વામી મહારાજે હંમેશા આદર દાખવ્યો હતો. કોઈ પણ ધર્મ કે સંપ્રદાયના વ્યક્તિને પ્રમુખસ્વામી મહારાજની અક્ષુણ્ણ સાધુતા, અહંશૂન્યતા, પમાત્મા પ્રત્યે અનન્ય શ્રદ્ધા, નિષ્કલંક ચારિત્ર્ય, પવિત્રતા અને નિઃસ્વાર્થ ભાવનાઓ સ્પર્શી હતી.

આજની આ વિશિષ્ટ સભામાં BAPS સંસ્થાના પૂ. અક્ષરવત્સલ સ્વામી અને પૂ. અક્ષરાતીત સ્વામીએ સર્વે અગ્રણીઓનો પરિચય કરાવ્યો હતો.

BAPS સંસ્થાના પૂ. અક્ષરવત્સલ સ્વામી અને પૂ. બ્રહ્મવિહારી સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજની વિશ્વધર્મ સંવાદિતાની ભાવનાને દર્શાવતું વક્તવ્ય આપ્યું હતું.

આજના વિશિષ્ટ સંધ્યા કાર્યક્રમમાં વિશ્વભરમાંથી અનેકવિધ ધર્મ–પરંપરાઓમાંથી ઉપસ્થિત પ્રતિનિધિઓએ સાધુતાના ગૌરીશિખર સમાન પ્રમુખસ્વામી મહારાજને વાક–પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને પ્રમુખસ્વામી મહારાજના આંતરધર્મીય સંવાદિતાનાં વૈશ્વિક કાર્યો અને ઉદાર જીવનશૈલીનું સ્મરણ કર્યું હતું. આ પ્રસંગે યુવા મંડળ દ્વારા સાંસ્કૃતિક નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

**: આજના મંચસ્થ વિશ્વ પ્રતિષ્ઠિત મહાનુભાવો :**

– શ્રી બાવા જૈન, સેક્રેટરી જનરલ, વર્લ્ડ કાઉન્સિલ ઓફ રિલીજીયસ લીડર્સ
– પૂજ્ય શ્રી સદગુરૂ ઉદયસિંઘજી મહારાજ, અધ્યક્ષ, નામધારી શીખ સમાજ
– પ્રો. ડો ચિરાપત પ્રપંડવિદ્યા, સ્થાપક, સિલ્પકોર્ન યુનિવર્સિટી, થાઈલેન્ડ
– આચાર્ય ડો. લોકેશમુનિજી, સ્થાપક પ્રમુખ, અહિંસા વિશ્વ ભારતી
– પૂજ્ય ભિખ્ખુ સંઘસેના, સ્થાપક પ્રમુખ, મહાબોધિ ઈન્ટરનેશનલ મેડિટેશન સેન્ટર(ખઈખઈ)
– રબ્બી એઝેકેઈલ આઈઝેક માલેકર, અગ્રણી, યહૂદી સમાજ
– સાદીકવલ–આઈદિઝ–ઝહાબી ભાઈસાહેબ જલાલુદ્દીન, દાઉદી બોહરા સમાજ
– આર્કબિશપ થોમસ મેકવાન, આર્કડાયોસેસ ઓફ ગાંધીનગર
– પદ્મશ્રી એ. આઈ. ઉદયન, ગાંધીપુરી આશ્રમ, ઈન્ડોનેશિયા
– પૂજ્ય પરમાત્માનંદજી, સ્થાપક આચાર્ય, આર્ષ વિદ્યા મંદિર
– પરમ ગુરૂદેવ પૂજ્ય નમ્રમુનિ મહારાજ સાહેબજી, સ્થાપક, પારસધામ
– હિઝ એક્સેલન્સી અબ્દુલ રહમાન બુ અલી, અગ્રણી વિચારક, બાહરીન
– પ. પૂ. સ્વામી અવધેશાનન્દજી વિષય : એકમ વિશ્વમ એક નીડમ
– BAPSના વરિષ્ઠ સંતો દ્વારા ઉદ્‌બોધન.
– પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વચન.
– સંધ્યા સભામાં મહાનુભાવોના ઉદગારોના અંશો અન્ય ડોક્યુમેન્ટમાં સમાવિષ્ટ છે.

**પ્રાતઃ સત્ર**

પ્રમુખસ્વામી મહારાજ નગરમાં આજે ૨૦ ડિસેમ્બરના રોજ યોજાયેલ કોન્ફરન્સમાં વ્યક્તવ્યોના અંશો

**: એકેડેમિક ઈન્ટરનેશનલ કોન્ફરન્સ :**

– ભારતની વિવિધ યુનિવર્સિટીઓ ઉપરાંત કેમ્બ્રિજ, હાવર્ડ, શિકાગો અને ટોરોન્ટોની યુનિવર્સિટીઓમાંથી કુલ ૧૫૦ જેટલાં વિદ્વાનો ઉપસ્થિત રહ્યા.

**: આયોજક :**

ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ઓફ ધ આર્ટસ, ન્યુ દિલ્હી અને BAPS સ્વામિનારાયણ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, ન્યુ દિલ્હી

**વિષયઃ International Conference on Ancient Indian texts, Temple Architecture and their contribution to modern practices**

**: પૂ. બ્રહ્મવિહારી સ્વામી, BAPS :**

પ્રમુખસ્વામી મહારાજે માનવતાનાં મૂળભૂત મૂલ્યોને મંદિરો દ્વારા પોષણ આપ્યું છે. નિર્માણાધીન આબુધાબી ઈઅડજ હિન્દુ મંદિર સંવાદિતાનું પ્રતીક છે.

**: ડો.સચ્ચિદાનંદ જોશી , ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ઓફ આર્ટસ :**

પ્રમુખસ્વામી મહારાજ માત્ર શુભ વિચારોના જનક નહોતા, પરંતુ તેને અમલમાં મૂકી શકનાર કુશળ નેતા હતા. મંદિરોને સર્જવાની તો વાત દૂર રહી પણ આપણે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા સર્જિત મંદિરોના નામ પણ યાદ રાખી શકીએ કે કેમ તે પ્રશ્ન છે.

**: શ્રી શ્રીકૃષ્ણ જુગનુ, ભારતીય વાસ્તુવિજ્ઞાનના વિદ્વાન :**

સંસ્કૃતિ, કળા, સ્થાપત્ય, અને ધાર્મિક પરંપરાઓના રક્ષણ માટે આગમ શાસ્ત્રો, સંહિતાઓ, શિલ્પ શાસ્ત્રો અને પુરાણોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

મંદિર સ્થાપત્યના નિષ્ણાત, શ્રી જી . બી. દેગલુરકરે જણાવ્યું કે, પ્રમુખસ્વામી મહારાજે ૧૧૦૦ જેટલાં મંદિર નિર્માણ દ્વારા હિંદુ સંસ્કૃતિને પુનર્જીવિત કરી છે.

EARTH ના સ્થાપક ડો. યતિન પંડ્યાએ જણાવ્યું કે મંદિરો પરિવર્તન આણે છે. મંદિરો માનવનો ભગવાન સાથે નિકટ નાટો બાંધે છે.

**: પ્રોફેશનલ કોન્ફરન્સ :**

૨. પ્રોફેશનલ કોન્ફરન્સ : The Confederation of Real Estate Developers' Associations of India (CREDAI)

વકતવ્યઃ

પૂ. બ્રહ્મવિહારી સ્વામી, BAPS

મુશ્કેલીના સમયમાં જે મનુષ્ય હિંમત ન ગુમાવે તેને ભગવાન સહાય કરે છે. આ નગર કષ્ટોની વચ્ચે સેવાના અદમ્ય ઉત્સાહથી આકાર પામ્યું છે. પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી શીખવા મળે છે કે કી રીતે પ્રસિદ્ધિની કામના કર્યા વગર શુભ કાર્ય કર્યા કરવું.

**: શ્રી હેમલ પટેલ, પ્રમુખ, CREDAI, ગુજરાત :**

પ્રમુખસ્વામી મહારાજની મહાનતાને પામવા ૧૦૦ કોન્ફરન્સ કરવી પડે! પ્રમુખસ્વામી મહારાજ દ્વારા સર્જિત મંદિરો અને ખાસ કરીને ૨૩ એકરમાં ૬ વરસમાં નિર્મિત ગાંધીનગર અક્ષરધામ અને ૧૦૦ એકરમાં ૫ વરસમાં નિર્મિત દિલ્હી અક્ષરધામ રિયલ એસ્ટેટ ક્ષેત્રની વ્યક્તિઓ માટે પ્રેરણાદાયી છે.

**: રજની અજમેરા, અજમેરા ગ્રુપ ઓફ કંપનીઝ :**

આજે આપણે જે પણ કૈંક સિદ્ધ કર્યું છે, તે સર્વે પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદને આભારી છે.

પ્રમુખસ્વામી મહારાજે આપણાથી બનતો પુરૂષાર્થ કરી પરિણામ ભગવાન પર છોડતાં શિખવાડ્યું.

**: પૂ. ડો. જ્ઞાનવત્સલ સ્વામી, BAPS :**

જો આપણે આપણાં પરિવારમાં મૂલ્યોને નહીં સીંચીએ તો પરિવાર ખોવાનો વારો આવશે.

**: શ્રી રાહુલ પટેલ, (M/s Patel Co., Chartered Accountants) :**

આવા ભવ્ય અને સુંદર નગરનું સર્જન પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદને કારણે શક્ય બન્યું છે.

## આપની આજ.......

મેષ : ઘરમાં ધનમાં વધારો થશે અને મિત્રો તરફથી પણ ધનલાભ થશે. છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ દૂર થશે. તમને દુશ્મનોમાંથી મુક્તિ મળશે અને તમને વિજય મળશે.

વૃષભ : વૃદ્ધ લોકોની સેવા કાર્યો પર પૈસા ખર્ચ થતા મનમાં ખુશી રહેશે. વૈવાહિક જીવનમાં સુખી પરિસ્થિતિ રહેશે. તમે વ્યવસાયમાં તમારા હરીફો માટે માથાનો દુઃખાવો બની રહેશો, આ તમારી કાર્યક્ષમતામાં વધારો કરશે.

મિથુન : આજે સારા માણસોની મુલાકાતને કારણે મનમાં પ્રસન્નતા રહેશે. ઉચ્ચ અધિકારીઓની કૃપાથી જમીન-મિલકતનો વિવાદ પણ ઉકેલાશે. મિત્રોની મદદથી આર્થિક સમસ્યાઓ ઉકેલી શકાય છે.

કર્ક : નાની-નાની બાબતોમાં તમારા જીવનસાથી સાથે વાદ-વિવાદ ટાળો. ગુપ્ત શત્રુઓ સક્રિય રહેશે, બિનજરૂરી સમસ્યા રહેશે. વ્યવસાયમાં મહેનત કર્યા પછી જ આવક વધશે. વિદ્યાર્થીઓને તેમના ભવિષ્ય માટે નવી તક મળશે.

સિંહ : કાર્યક્ષેત્રમાં થોડી અડચણ આવવાની સંભાવના છે, તેથી સાવધાનીપૂર્વક કામ કરો. તમને ઘર અને ઓફિસની ઘણી જવાબદારીઓ મળી શકે છે, તેથી યોજના હેઠળ કામ કરવામાં તમને સફળતા મળશે.

કન્યા : એક મહત્વપૂર્ણ વ્યાવસાયિક ડીલ તમારી તરફેણમાં અંતિમ હોઈ શકે છે. જો તમે આજે તમારી વાત અન્ય લોકો સુધી પહોંચાડવામાં સફળ રહ્યા છો, તો આવનારા દિવસોમાં વરિષ્ઠ લોકો પણ તમારી પ્રશંસા કરશે.

તુલા : નોકરીના ક્ષેત્રમાં લાયકાત વધારીને સફળતા પ્રાપ્ત થશે. તમારા કામ પર સંપૂર્ણ ધ્યાન રહેશે, જેના કારણે અધિકારીઓ ખુશ થઈ જશે. સફળતા તરફ ધીમે ધીમે પગલા લઈ શકાય છે.

વૃશ્ચિક : ભાગીદારીના કામમાં અવરોધો આવી શકે છે. દુશ્મનો તમને નુકસાન પહોંચાડવાનો પ્રયત્ન કરશે પરંતુ તમે તમામ પડકારો સફળતાપૂર્વક પૂર્ણ કરશો. ક્યાંકથી ધન કમાવવું અને પૈસા મેળવવાનો યોગ છે.

ધનુ : આજનો દિવસ તમારા માટે સામાન્ય છે. સંતાન તરફથી આનંદદાયક સમાચાર મનોબળ વધારશે. કામમાં મુશ્કેલીઓ પછી તમને દિવસના બીજા ભાગમાં રાહત મળશે અને મહેનત પણ ફળ આપશે. રોકાણ માટે સમય યોગ્ય નથી.

મકર : આજે દિવસભર આવકના નવા સ્રોત બહાર આવશે. તમારા ભાગ્યનો સિતારો ફરી ચમકવા લાગશે. વેપારમાં વધુ નાણાનું રોકાણ કરવું ફાયદાકારક રહેશે. ભાઈઓ સાથે વધુ મતભેદો અને ગુસ્સો ના કરો.

કુંભ : આજે શુભ કાર્યોમાં તમારી રુચિ વધશે. સંતાન પક્ષના લગ્નમાં આવતી અડચણ સમાપ્ત થશે. જનસંપર્કમાં વધારાથી રાજકીય લોકો ખુશ થશે.લવ મેરેજ કરવા માગતા લોકો માટે સમય અનુકૂળ છે.

મીન : આજે નસીબ તમને દરેક પગલા પર સાથ આપશે. વિરોધીઓનું કાવતરું નિષ્ફળ જશે. આકસ્મિક ખર્ચ આર્થિક બોજ વધારી શકે છે. સાંસારિક આનંદ માણવાના સાધનો પર શુભ ખર્ચને કારણે મનમાં પ્રસન્નતા રહેશે.

# વિશ્વકર્મા કથા પુરાણ કથાનો ચોથો દિવસ પૂર્ણ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

- વિશ્વકર્મા પુરાણ કથા ના ૪ દિવસ ના અંતે મા રાંદલ પ્રાગટ્ય દીન ઉજવાયો.
- કન્યા નું કન્યાદાન કરવાથી પિતૃ ના ઋણ માંથી મુક્ત થવાય છે.
- દીકરી નું કન્યાદાન કરો તેનું ઘણું મોટું મહત્વ છે.

વિશ્વકર્માના પરિવારમાં કોઈ ગુરૂ નથી હોતા બધા વરૂણના ગુરૂ બ્રાહ્મણ હોય છે. વિશ્વકર્માના પુત્ર બ્રાહ્મણ હોય છે. જેથી તેમના કોઈ ગુરૂ હોતા નથી. બ્રાહ્મણ વેદનું કામ કરે છે. વિશ્વકર્માના પુત્રોના ભગવાન વિશ્વકર્મા ગુરૂ છે. વિશ્વકર્માના પુત્રોના ગુરૂની ગાદી ઈલોર ગઢ છે. વિશ્વકર્માના પુત્ર જનોઈ ધારક કરે તે સમયે દીક્ષા લઈ અને મંત્ર જે આપે તે મંત્ર વિશ્વકર્મા નમઃ એ જ ગુરૂ મંત્ર છે.

જ્યારે રાક્ષસોએ ત્રાસ આપવાનું ભગવાનને શરૂ કર્યો તે સમયે બધા ભગવાનો ભેગા થઈ માતાજીનું ધ્યાન ધરી માતાજીની સ્તુતિ કરી તો માતાજીના નવ રૂપ ધારણ થયા માતાજીના અંદરથી ઉજાસ આવ્યો અને માતાજી આવ્યા વિશ્વકર્મા ભગવાને માતાજીને ફરસી વીતી ત્રિશુલ ખરાશ જેવા હથિયાર આપ્યા માતાજીએ ભગવાન વિશ્વકર્મા ને કહ્યું આ આપે રાક્ષસોને મારવા મને જે હત્યારો આપ્યા છે તે હું આપની રૂણી છું અને તે હત્યાર થી ચંડ અને મુંડનું વધ કરી આવ્યા ત્યાંથી માતાજીનું જયચામુંડા માં નામ થયું માતાજી એ કહ્યું ચૈત્રી નવરાત્રીમાં મારી આરાધના જે કરશે તેને હું જે માંગશે તે હું આપીશ

દાહોદના રામાનંદ પાર્કમાં છેલ્લા ૪ દિવસ થી સુર્ષ્ટી ના રચયિતા ભગવાન વિશ્વકર્મા પુરાણ કથાનુ રસપાન જયંતીભાઈ શાસ્ત્રીના સ્વમુખે થઈ રહ્યુ છે. ત્યારે વિશ્વકર્મા પુરાણ કથા ૪ દિવસના અંતે ભગવાન વિશ્વકર્માના પુત્રી મા રાંદલનું પ્રાગટ્ય દીનની ઉજવણી કરવામા આવી હતી. જેમાં મા શાસ્ત્રીજી એ મા રાંદલ પ્રાગટ્ય ની ઉજવણી નો મહિમા સમજાવ્યો હતો. જેમાં સમાજની નાની નાની બાળાઓ દ્વારા મા માતાજીના નવ સ્વરૂપ ધારણ કર્યા હતા. તેમજ ભગવાન વિશ્વકર્મા અને તેમના પુત્રી રાંદલ અને છાયાના પણ પાત્ર ભજવવામાં આવ્યા હતા. મા રાંદલના પ્રાગટ્ય દીન નીમીતે મહીલા મંડળો ગરબે ઝુમ્યા હતા.

# દાહોદ જિલ્લાના ફતેપુરાના કરોડીયા પૂર્વ ગામના વોર્ડ નં-૨ના રહીશોને સ્થાનિક તંત્રના પાપે પરેશાન થવાનો વારો



દાહોદ,

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપનું સ્વચ્છ ભારત મિશનના ઉડ્યા ધજાગરા. ભારત સરકાર દ્વારા અનેક પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે અને ગ્રામપંચાયતમાં જેને લઈ અનેક ગ્રાન્ટ સફાઈના નામે આપવામાં આવતી હોય છે, પરંતુ કરોડીયા ગ્રામ પંચાયતમાં આ સફાઈના નામે આવતી ગ્રાન્ટ ક્યાં વાપરમાં આવે છે. તે તો તંત્ર જાણે પરંતુ કરોડીયા ગ્રામ પંચાયતના વોર્ડ નંબર-૨ રહીશો દ્વારા સભ્ય થી લઈ સરપંચ સુધી અનેકવાર ઘર વપરાશના ગંદા પાણી ના નિકાલ માટે ગટર બનાવવા માટે વર્ષો થી મૌખિક તેમજ લેખિત રજુઆતો કરતા આવ્યા છે. ત્યારે હાલ સ્થાનિક તંત્ર થી ત્રાહિત થઈ તાલુકા વિકાશ અધિકારી થી લઈ જિલ્લા વિકાસ અધિકારી સુધી રજુઆત કરી છે, છતાં પણ તંત્ર દ્વારા આખ આડા કાન કરવા માં આવી રહ્યા છે. ત્યારે રહીશો પણ જાણે લડી લેવાના મૂડ માં દેખાઈ રહ્યા છે અને તંત્ર સામે લાલ આંખ કરી ગટર ની કામગીરી ચાલુ કરવામાં નહી આવે તો અચોક્કસ મુદ્દતના ધારણા પ્રદર્શન તાલુકા કચેરી ખાતે ગંદા પાણીની ડોલો સાથે કરવાની ચીમકી ઉચ્ચારી રહ્યા છે.

ફતેપુરાના કરોડીયા પૂર્વ ગ્રામપંચાયતમાં જાણે કે સ્વચ્છ ભારત મિશનના કરોડીયા પૂર્વ ગામમાં ખુલેઆમ ધજગરા ઉડતા જોવા મળી રહ્યા છે અને ગ્રામ પંચાયતમાં સફાઈના નામે આવતી અનેક ગ્રાન્ટ ક્યાં વાપરમાં આવી રહી છે. એ તો પંચાયત કર્મી જ જાણે પરંતુ હાલ કરોડીયા પૂર્વ ગામના વોર્ડ નંબર-૨ ના રહીશો દ્વારા અનેક વખત ગંદા પાણીના નિકાલ અને વરસાદી પાણીના નિકાલ માટે અનેક વખત રજુઆત સ્થાનિક તંત્રને કરવામાં આવી છે, છતાં પણ ગંદકી અને ગંદા પાણીના નિકાલની કોઈ પણ કામગીરી હાથ ધરવામાં આવી નથી. જેને લઈ સ્થાનિકોમાં રોષ પ્રવર્તિ રહ્યો છે.

ફતેપુરાના કરોડીયા ગામમાં ઠેર ઠેર ગંદકી અને ઠેર ઠેર રોડ પર જ્યાં અને ત્યાં ગંદુ પાણી જ નજરે પડી રહ્યું છે. ત્યારે જેને લઈ કરોડીયાના વોર્ડ નંબર-૨ ના રહીશોને રજુઆત કરતા છ જેટલાં વર્ષો વીતી ચુક્યા છે, છતાં પણ સ્થાનિક તંત્ર દ્વારા મગજનું નામ મારી પાડવા તૈયાર નથી. જ્યારે આ વોર્ડમાં મદારી ફળીયુ અને હરિજનવાસ આવેલ છે. ત્યારે આ બંને ફળીયાના રહીશો દ્વારા અનેકવાર ડેપ્યુટી સરપંચ અને સરપંચને રજુઆતો કરી છે, છતાં પણ કોઈ પણ નિરાકરણ લાવવામાં આવતું નથી અને નવાઈની વાત તો એ છે કે, વોર્ડ નંબર-૨ સભ્ય ઉપરાંત વર્ષો થી ડેપ્યુટી સરપંચ તરીકે કાર્યરત છે અને આ ફળીયામાં તેઓ પણ વસવાટ કરે છે, છતાં પણ ફળીયાના રહીશોની સમસ્યાનો નિકાલ લાવવામાં નિષ્ફળ જોવા મળી રહ્યા છે.

# ઝાલોદ કોલેજ માં ઈનોવેશન કલબ અંતર્ગત તાલીમનું આયોજન કરવામાં આવ્યું


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઈનોવાશન કલબ અંતર્ગત વિદ્યાર્થીઓ પોતાનો સ્વતંત્ર ધંધો કે રોજગારી શરૂ કરી પગભર થઈ શકે તે માટે કે. આર દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદ દ્વારા તાલીમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સુનિલભાઈ પરમારે વિદ્યાર્થીઓને પ્રોજેક્ટરની મદદથી ખૂબ જ સરસ રીતે તાલીમ આપી હતી. આ તાલીમના ઉદઘાટન કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ એમ.એમ પટેલ દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડો. એ. આર. મોદી અને ડો. એ. એન પાદરીયા દ્વારા કરવામાં આવ્યું. આ તાલીમમાં કોલેજના બધા વિદ્યાર્થીઓએ રસ અને રૂચિ પૂર્વક ભાગ લીધો હતો. આ પ્રત્યક્ષ તાલીમમાં કોલેજનો સમગ્ર સ્ટાફ પણ હાજર રહ્યો હતો.

# સીંગવડના ચુંદડી ગામે જમીન બાબતે હત્યાના બનાવમાં પુરાવાનો નાશ કરતા કેનાલમાં ફેંકી હોવાનું ખુલવા પામ્યું

દાહોદ,

જમીન મેળવવા માટે દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના ચુંદડી ગામે બનેલ હત્યાના બનાવમાં ગામના બારીયા પરિવારના ત્રણ ઈસમોએ તેમના જ કુટુંબના આધેડ ઈસમને મારી નાંખવાનું કાવતરૂ રચી માથાના ભાગે લોખંડની કોસના પ્રહાર કરી ઢીમ ઢાળી દઈ પુરાવાનો નાસ કરવાના હેતુથી લાશ પાણીવાળી કેનાલમાં નાંખી દીધાનું જાણવા મળ્યું છે.

સીંગવડ તાલુકાના ચુંદડી ગામે ડુંગરભીત ફળીયામાં રહેતા રમણભાઈ સોનાભાઈ બારીયાના ત્રણે કાકા નિઃસંતાન (વાંઝીયા) હોઈ જેનું પાલન પોષણ રમમભાઈ બારિયાનું પરિવાર કરતું હોવાથી તે ત્રક્ષણે કાકાની જમીન જાયદાદ રમણભાઈ બારીયાને જ મળનાર હોવાથી આ તમામ જમીન-જાયદાદ કનુભાઈ દલાભાઈ બારીયા તથા તેના છોકરાઓને મળી જશે તેવા આશયથી કનુભાઈ દલાભાઈ બારીયા તથા તેનો છોકરો રમેશભાઈ કનુભાઈ બારીયા તથા સગોભાઈ સબુરભાઈ દલાભાઈ બારીયાએ ભેગા મળી રમણભાઈ બારીયાનું કાસળ કાઢવાનું કાવતરૂ રચી રમણભાઈને રાતના સમયે ભોળવીને ત્રણે જણા લઈ ગયા હતા અને રમણભાઈના માથામાં પાછળના ભાગે લોખંડની કોસના પ્રહાર કરી મોતને ઘાટ ઉતારી દીધા બાદ પુરાવાનો નાશ કરવા માટે મૃતક રમણભાઈ બારીયાની લાશને ગામની પાણીવાળી કેનાલમાં નાંખી દઈ પુરાવાનો નાશ કરી તે પછી રાતના મરણજનાર રમણભાઈને શોધવાનો દેખાડો કર્યો હતો.

આ સંબંધે ચુંદડી ગામે ડુંગરભીડ ફળીયામાં રહેતા મરણ જનાર રમણભાઈ સોનાભાઈ બારીયાના છોકરા ૧૯ વર્ષીય મુકેશભાઈ રમણભાઈ બારીયાએ ઉપરોક્ત કેફીયત ભરી ફરિયાદ રંધીકપુર પોલીસ સ્ટેશને નોંધાવતા આ સંદર્ભે પોલીસે ચુંદડી ગામના રમેશભાઈ કનુભાઈ બારીયા, સબુરભાઈ દલાભાઈ બારીયા તથા કનુભાઈ દલાભાઈ બારીયા વિરૂદ્ધ ઈપિકો કલમ ૩૦૨, ૨૦૧, ૧૨૦(બી), ૩૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી ત્રણેની ધડપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# દાહોદ સાંસદ દિલ્હી ખાતે રેલ્વે રાજયમંત્રીની મુલાકાત કરી રેલ્વે સંબધિ સમસ્યા કરી ટ્રેન પૂનઃ શરૂ કરવા રજુઆત



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના સાંસદ હાલ દિલ્હીમાં ચાલી રહેલ સંસદ સત્રમાં પોતાની હાજરી આપી રહ્યાં છે. ત્યારે સાંસદ દ્વારા દિલ્હીના રેલ્વે રાજ્ય મંત્રીની મુલાકાત કરી દાહોદ રેલ્વે સંબંધિ સમસ્યાઓ વિશે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને છેલ્લા ઘણા સમયથી અને ખાસ કરીને કોરોનાકાળથી બંધ પડેલ ઘણી ટ્રેનોને પુનઃ શરૂ કરવા લેખિત રજુઆત કરવામાં આવી છે. સાંસદ દ્વારા સંસદ સત્રની બાદ દાહોદ જિલ્લાના વિકાસ સંબંધી વિવિધ કાર્યો સંદર્ભે અનેક મંત્રીઓને મળી રહ્યાં છે. ભુતકાળમાં પણ દાહોદના સાંસદ દ્વારા દાહોદની સમસ્યાઓ માટે રેલ્વે રાજ્ય મંત્રી સહિત અનેક મંત્રીઓને મળી રજુઆતો કરવામાં આવી છે. ત્યારે રેલ્વે રાજ્ય મંત્રીને આપેલ લેખિત રજુઆત સાંસદ દ્વારા જ્યારે દાહોદમાં થોડા દિવસો પહેલાં પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર આવ્યાં હતા. તેઓને પણ દાહોદ જિલ્લા ભાજપા પૂર્વ પ્રમુખ સુધીરભાઈ લાલપુરવાલા મારફતે આ લેખિત રજુઆત રજુ કરી હતી.

દાહોદના સાંસદ જસવંતસિહ ભાભોર દ્વારા દિલ્હીમાં રેલ્વે રાજ્ય મંત્રી રાવ દાનવે પાટીલ સાથે મુલાકાત કરી હતી. સાંસદ દ્વારા રેલ્વે રાજ્ય મંત્રીને લેખિત રજુઆત કરી જણાવ્યું હતું કે, દાહોદ રેલ્વે સ્ટેશન ખાતેથી પસાર થતી ઘણી ટ્રેનો કોરોનાકાળ બાદ બંધ રહેતાં દાહોદ જિલ્લાના લોકોની સાથે સાથે મધ્યપ્રદેશ અને રાજસ્થાનના મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ તમામ લોકો માટે બંધ પડેલ ટ્રેનો જીવાદોરી સમાન ગણવામાં આવે છે. વલસાડ – દાહોદ ઈન્ટરસીટી જે ગાડી કોરોનાકાળથી બંધ પડેલ છે. આ ગાડી વલસાડથી વડોદરા સુધી ચાલે છે પરંતુ દાહોદમાં તેનું પ્રસ્થાન હાલ સુધી કરવામાં આવ્યું નથી માટે પુનઃ વલસાડથી દાહોદ સુધી શરૂ કરવામાં આવે, આ ટ્રેનની પ્રતિદિન ૧૦૦૦૦૦ ટીકીટનું વેચાણ થતું હતું. તેવીજ રીતે ફિરોજપુર – મુંબઈ જનતા એક્સપ્રેસ ગાડીને, દાહોદ – વડોદરા મેમુ ટ્રેનને પણ પુનઃ શરૂ કરવામાં આવે ત્યારે આ ગાડીઓનં પણ પ્રતિદિન ૩૫૦૦૦ જેટલી ટીકીટનું વેચાણ થતું હતું. દાહોદ-આણંદ ગાડીને પણ પુનઃ શરૂ કરવામાં આવે, આ ટ્રેનને ડાઉન દિશામાં પુનઃ શરૂ કરવામાં આવે, આ ટ્રેન બંધ હોવાથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે તેમ પણ જણાવ્યું હતું. વધુમાં બોરડી રેલ્વે સ્ટેશનથી દાહોદ-ભોપાલ એક્સપ્રેસ ટ્રેનને સ્ટોપેજ આપવામાં આવે, દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે સુરક્ષિત પાર્કિંગની સુવિધા ન હોવાથી મુસાફરોને પોતાના વાહનોની ચોરી થવાનો પણ ભય રહેતો હોવાથી તેમજ પાર્કિંગની લાયસન્સ ફી ખુબજ વધુ હોવાને કારણે ઠેકેદારો સંચાલન માટે લેવા ઈચ્છતા ન હોવાનું પણ જણાવ્યું હતું. અપ સાઈડમાં રતલામથી દાહોદ સુધી ૧૦.૪૫ થી રાત્રીના ૦૮.૫૫ એટલે કે, ૧૦ કલાક સુધી કોઈ યાત્રીઓને ગાડી ઉપલબ્ધ નથી. મેમુ ગાડી રતલામ થી દાહોદ ૧૦.૪૫ પહોંચે છે આ બાદ લગભગ ૧૦ કલાક બાદ પાર્સલ ગાડી રતલામથી દાહોદ ૦૮.૫૫ કલાકે પહોંચે છે. કોરોનાકાળમાં બંધ પડેલ દેહરાદુન-બાંન્દ્રા એક્સપ્રેસ, દેહરાદુન-બાંન્દ્રા એક્સપ્રેસ ટ્રેનને સ્ટોપેજ આપવામાં આવે, વડોદરા-દાહોદ ડાઉન સાઈડમાં પાર્સલ ગાડી દાહોદ અને વડોદરા મેમુના અવર જવર બાદ ૦૬ કલાક સુધી યાત્રીઓ માટે કોઈ ડાઉન ગાડી નથી. વલસાડ-દાહોદ ઈન્ટરસીટી ગાડી જ્યારે દોડતી હતી. ત્યારે આ સમસ્યા મુસાફરોને ન હતી માટે ગાડી પુનઃ દાહોદ સુધી દોડાવવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત ઓખા-ગોવાહાટી ગાડી, બાંન્દ્ર ટર્મિનલ-હજરત નિઝામુદ્દીન (ગરીબ રથ) અને બાંન્દ્રા-અજમેર ગાડીને સ્ટોપેજ આપવામાં આવે તેવી સાંસદ જસવંતસિંહ ભાભોર દ્વારા રેલ રાજ્ય મંત્રીને રજુઆત કરવામાં આવી હતી.

# ઝાલોદ નગરના રહેણાંક વિસ્તારમાં મકાન માલિકના ધાબા પર 5G ટાવર નખાતા સ્થાનિકોનો વિરોધ


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ નગરમાં ગીતા મંદિર વિસ્તારમાં આવેલ મનોજભાઈ અગ્રવાલના ધાબા પર 5G મોબાઈલનું ટાવર તેમની પોતાની મંજૂરી થી કોઈ કંપનીનું નાખવામાં આવી રહેલ છે. જેથી ત્યાં આસપાસના વિસ્તારના રહેણાંક લોકો તેમજ દુકાનદારોને આ ખબર પડતાં ટાવર માંથી નીકળતા રેડીયેશન નીકળશે તેમ લાગતા આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકો ચિંતિત બન્યા હતા અને ત્યાં વસનાર લોકો દ્વારા નગરપાલિકા અને પ્રાંત અધિકારીને આ અંગે એક અરજી આપી તે અંગે જાણકારી આપી હતી. ત્યાં વસનાર લોકોના કહેવા અનુસાર 5G ટાવર માંથી નીકળનાર રેડીયેશન ગર્ભવતી મહિલા, બીમાર વ્યક્તિ તેમજ નાના બાળકોમાં ગંભીર બીમારીઓ ફેલાવે છે અને 5G ટાવર રહેણાંક વિસ્તાર બહાર ખુલ્લી જગ્યામાં કંપની નાખે તેવું અહીંના રહીસોનું માનવું છે. મોબાઈલ ટાવર જે અમારા ધાબા પર નાખવામાં આવી રહ્યું છે. જો તે ટાવરને લઈ કોઈ સમસ્યા હસે તો જનહિતમાં ચોક્કસ કામ કરીશું. કોઈ પણ વ્યક્તિને તકલીફ કે નુકશાન થાય તેવું કામ નહીં કરીએ. તેમજ નગરના હિત માટે જે હસે તે જ કામગીરી કરીશું.

# ઝાલોદ નગરના માનસિક રીતે બિમાર યુવકની મદદે આવતા દાતાર વિષ્ણુભાઈ અગ્રવાલ



ઝાલોદ,

ઝાલોદ નગરનો એક યુવક જયેશ ખંડેલવાલ જે એક સારા ઘર માંથી આવે છે. પરિવારમાં બધા હોવા છતાય પારિવારિક અનબન થી જયેશ પારિવાથી અલગ થઈ ગયેલ હતો. પરિવાર થી અલગ થયા પછી જયેશની માનસિક સ્થિતિ દિવસે દિવસે બગડવા લાગી. પરિવાર વાળાએ શરૂઆતમાંતો તેને માનસિક બીમારીની દવા બરોડા ખાતે કરાવી હતી. પરંતુ કાયમ દવા ન થતાં નગરમાં તેં માનસિક અસ્થિર રીતે ફરવા લાગ્યો. ધીરે ધીરે તેની બીમારી વધવા લાગી હતી અને સમજુ હોવા છતાય દવાના અભાવે નગરમાં ગાંડાની જેમ તે ફરતો હતો. લોકો પાસે માંગી માંગીને ખાતો, કચરા માંથી વીણીને ખાતો, નાહવાનું પણ નહીં, કપડાં પણ બદલવાના નહીં તેમજ ગંધાતી પરિસ્થિતિમાં તે ફરવા લાગ્યો હતો. તેથી નગરના લોકોને પણ તેના પર દયા આવતી હતી અને આવતા જતા તેને ખાવા પીવા અને ચા નાસ્તાની મદદ કરતા હતા. પરંતુ આવી કાયમની લાચારી ભરી જિંદગી જીવતા યુવકને જોઈ નગરના એક અગ્રણી થી જોવાયું નહીં અને તેની મદદ કરવાનો સંકલ્પ લીધો.

નગરના અગ્રણી તેમજ કાયમ લોકોની મદદે રહેનાર વિષ્ણુભાઈ અગ્રવાલ તેની મદદે આવ્યા તેમણે વિનોદ પંચાલને વાત કરતા તેઓએ તેમને સાથે આપ્યો. વિષ્ણુભાઈ અગ્રવાલ દ્વારા વિનોદભાઈ પંચાલને જયેશ ખંડેલવાલને બરોડા ઈલાજ માટે લઈ જવા માટે ગાડીની વ્યવસ્થા અને રૂપિયાની મદદ કરી આપી હતી.બાદમાં વિનોદ પંચાલ દ્વારા ગામના અન્ય યુવકો જીતેન્દ્ર માળી, વીનુ લીમાંનીને સાથે રાખી જયેશને બાંધીને નહવડાવી, દાઢી વાળ કટિંગ કરાવી, નવા કપડા પહેરાવી યુવકને એક ગાડી ભાડે કરી બરોડા ખાતે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો.

# ફતેપુરા તાલુકાની ભીતોડી પ્રાથમિક શાળામાં ગુરૂ ગોવિંદની જન્મ જયંતિની ઉજવણી કરાઈ


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાની ભીતોડી પ્રાથમિક શાળામાં આદિવાસી સમાજના સમાજ ગુરૂ, શુભચિંતક અને રાષ્ટ્રનેતા એવા ગુરૂ ગોવિંદ કે જેઓને જન્મભૂમિ ભલે રાજસ્થાન હોય પણ કર્મભૂમિ ગુજરાત બનાવવી હતી. એમાં આદિવાસી પૂર્વ પટ્ટીમાં તેઓની દશા અને સ્થિતિ જોઈ તેઓ ત્યાં સ્થાયી થયા હતા અને સમાજને જાગૃત કર્યા હતા. લોકોને ભક્તિના માર્ગે વાળ્યા ભક્તિ અને ભણતરીનું સૂત્ર આપ્યું. લોકોને હંમેશા સાચું બોલવું, સ્વચ્છતા રાખવી, નીતિ રાખવી, વ્યસો નથી દૂર રહેવું, માસ મદીરાથી દૂર રહેવું, બેન બેટીનું બુરૂ કરવું નહીં, જેવા ૧૧ નિયમો આપીને આદિવાસી સમાજને જાગૃત કરનાર ગુરૂ ગોવિંદની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન શિક્ષણ કાર્યને અસર ન થાય તે રીતે આયોજન કરાયું હતું. જેમાં સવારે ૯:૦૦ થી ૧૧ કલાક દરમિયાન ઉજવણી કરી. જેમાં ગામ માંથી વડીલો અને યુવાનો તથા બાળકો હાજર રહ્યા હતા. શિક્ષણ વિદ અને આચાર્ય દ્વારા ગુરૂના કાર્ય, તેમનામાં રહેલા ગુણોની માહિતી આપી હતી. ત્યારબાદ વકૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. તેમાં જયલબેન કટારાએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. ત્યારબાદ નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા અને ટેસ્ટ યોજવામાં આવ્યો હતો. ભાગ લેનાર તમામ બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું તથા ગામ માંથી ઉપસ્થિત રઘુભાઈ અને દિનેશભાઈએ પ્રથમ નંબર મેળવનાર બાળકોને રોકડ ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# સંજેલી જુના બસ સ્ટેન્ડ ખાતે ગુરૂ ગોવિંદ મહારાજની ૧૬૪ મી જન્મ જયંતિ ઉજવણી કરવામાં આવી



સંજેલી,

સંજેલી જુના બસ સ્ટેન્ડ ખાતે આજરોજ ગુરૂ ગોવિંદ મહારાજની ૧૬૪મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે આદિવાસી પરિવાર દ્વારા ૨૦મી ડિસેમ્બર મંગળવારના રોજ ગુરૂ ગોવિંદ મહારાજની પ્રતિમાને આદિવાસી પરિવારના વડીલો તેમજ મિત્રો અને ગુરૂ ગોવિંદ મહારાજ ના ભક્તો ભેગા મળી પૂજા અર્ચના હવન કરી ધજા ચડાવવામાં આવી. સંજેલી તાલુકામાં આદિવાસી પરિવાર દ્વારા સમાજના પ્રણેતા ધર્મગુરૂ સમાજને ઉજાગર કરનાર ગોવિંદ ગુરૂ મહારાજની ૨૦મી ડિસેમ્બર ના રોજ ૧૬૪ મી જન્મ જયંતી નિમિત્તે આદિવાસી પરિવારના વડીલો મિત્રો અને ભક્તો ભેગા મળીને સંજેલી તાલુકા મથકે આવેલી ગોવિંદ ગુરૂ ચોક ખાતે પૂજા અર્ચના હવન કરી નવી ધજા ચડાવવામાં આવી હતી. ભીલ સમાજના પ્રણેતા આદિવાસી સમાજના સુધારક ભગત ક્રાંતિના પ્રણેતા તેમજ માનગઢ ના સ્થાપક એવા ગુરૂ ગોવિંદ મહારાજ કે જેમણે અંગ્રેજો રજવાડા સામે આદિવાસી સમાજના સુધારક ગોવિંદ ગુરૂ મહારાજની ૨૦મી ના રોજ ૧૬૪મી જન્મ જયંતી નિમિત્તે આદિવાસી સમાજના આગેવાનો દ્વારા ૧૦ ફૂટ ઊંચી ગુરૂ ગોવિંદ મહારાજની પ્રતિમાનું પરંપરિક વેશભુષા ઢોલ નગારા ભજન કીર્તન સાથે સંજેલી તાલુકાના આદિવાસી પરિવાર દ્વારા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉજવણી કરવામાં આવી હતી.

# દાહોદ જિલ્લાના આદિવાસી ધારાસભ્યને મંત્રીમંડળમાં મંત્રી પદ ન મળતા આદિવાસી સમાજમાં નારાજગી

દાહોદ,

દાહોદ જિલ્લો આદિવાસી બહુમૂલ્ય ધરાવતો જિલ્લો છે. ત્યારે આ સમગ્ર દાહોદ જિલ્લામાં સૌથી વધુ વસ્તી આદિવાસી સમાજની છે. દાહોદ જિલ્લાના આદિવાસી સમાજના અનેક પ્રશ્નો એવા છે, જે હજી સુધી વણઉકેલાયા છે. ત્યારે આદિવાસી સમાજ માં એક આશા બંધાઈ હતી કે તેઓ ના તમામ પ્રશ્નોનું હલ થશે. જ્યારે કે દાહોદ જિલ્લામાં સિંચાઈ ના પાણીનો મોટામાં મોટો પ્રશ્ન છે અને દાહોદ જિલ્લા ના આદિવાસી ખેડૂતો વર્ષો થી સરકાર જે સિંચાઈ માટેના પાણી ની માંગ કરી રહ્યા છે. ત્યારે આજ સુધી સિંચાઈ ના પાણી નો પ્રશ્ન ત્યાં નો ત્યાં છે ત્યારે હાલ દાહોદ જિલ્લા ની તમામ સીટો પર ભારતીય જનતા પાર્ટી ના ધારાસભ્ય નો ભવ્ય વિજય થાયો છે ત્યારે આદિવાસી બહુમૂલ્ય ધરાવતા દાહોદ જિલ્લા માં આદિવાસી સમાજ ની સિંચાઈ ના પાણી માંગ પૂર્ણ થશે કે કેમ તે તો સમય જ બતાવશે.

દાહોદ જિલ્લા માં થોડા સમય પહેલા યોજાયેલ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપાનો ભવ્ય વિજય થાયો હતો અને આદિવાસી સમાજ ના લોકો એ પણ ખોબલે ખોબલે મતો આપ્યા હતા અને ભારતીય જનતા પાર્ટી ના ધારાસભ્યો ને ચૂંટી ને લાવ્યા હતા જયારે દાહોદ જિલ્લા ની કુલ છ વિધાનસભા ની સીટો છે જેમાં પાંચ એસટી છે જયારે એક દેવગઢ બારીયા સીટ બક્ષીપંચ સીટ આવેલી છે. જયારે આદિવાસી સમાજ ની પાંચ સીટ છે જેમાં ગરબાડા, દાહોદ, લીમખેડા, ઝાલોદ, અને ફતેપુરા આ તમામ સીટો પર આદિવાસી ધારાસભ્ય બિરાજમાન છે છતાં પણ દાહોદ જિલ્લા માંથી આદિવાસી ધારાસભ્ય ને મંત્રી મંડળ માં સમાવેશ કરવા માં ન આવતા આદિવાસી સમાજ માં ક્યાંક ને ક્યાંક નારાજગી જોવા મળી રહી છે અને આદિવાસી સમાજ ના ધારાસભ્ય ને મંત્રી મંડળ માં સ્થાન મળે તેવી માંગ કરવા માં આવી રહી છે. જયારે દાહોદ જિલ્લા મા માત્ર એક સીટ બક્ષીપંચ હોવા છતાં આદિવાસી બહુમૂલ્ય ધરાવતા દાહોદ જિલ્લા માં આદિવાસી ધારાસભ્ય ને મંત્રી પદ મળવા ને બદલે ફક્ત એક સીટ ધરાવતા બક્ષીપંચ સીટ ના ધારાસભ્ય ને મંત્રી મંડળ માં સમાવેશ કરવા માં આવતા આદિવાસી સમાજ માં નારાજગી જોવા મળી રહી છે. આદિવાસી બહુમૂલ્ય ધરાવતા દાહોદ જિલ્લા ના ધારાસભ્ય ની મંત્રીમંડળ માં સમાવેશ કરવા માં આવે તેવી માંગ આદિવાસી સમાજ દ્વારા કરવા માં આવી રહી છે

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.102

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ગોધરા તાલુકાના જુની ઘરી ગામે

# નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચારના કારણે પાણીના ટેસ્ટીંગ દરમિયાન લાઈનમાં ૨૦૦ જેટલા લીકેજ નિકળ્યા

ગોધરા,

ગોધરા તાલુકાના જુની ઘરી ગામે નલ સે જલ યોજનામાં કોન્ટ્રાકટર દ્વારા પાઈપ લાઈન અને નવી પાણીના ટાંકાનું કામ કરવામાં આવ્યું હતું. તેમાં પાણીના ટેસ્ટીંગ દરમિયાન પંચકો નિકળતા યોજનામાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થયો હોવાનું રજુઆત વાસ્મો કચેરીના ના.કાર્યપાલક ઈજનરને કરવામાં આવી.



ગોધરા તાલુકાના જુની ઘરી ગામે નલ સે જલ યોજનામાં ગામમાં કોન્ટ્રાકટર દ્વારા નવિન પાઈપ લાઈન તથા નવા કનેકશન તેમજ નવા પાણીના ટાંકાનું કામ કરવામાં આવેલ હતું. આ નલ સે જલ યોજનાની પાઈપ લાઈનનું ટેસ્ટીંગ કરવામાં આવ્યું ત્યારે અલગ અલગ ફળીયા–મહોલ્લામાં ૨૦૦ થી વધુ પંચરો નિકળ્યા હતા. બાદમાં પંચરો બનાવીને ટેસ્ટીંગ કરતા વધુ પંચરો નિકળ્યા હતા. જુનીઘરી ગામે પાણીના ટાંકાની મેઈન લાઈનમાં ૨૦ થી વધુ પંચરો છે. કૈલાશ નગરમાં જુની પાઈપ લાઈનમાં કનેકશનો આપેલ છે. તેમાં એક જ ટેન્સીંગ ડબલ પાઈપ નાખેલ છે. પાણીના ટાંકામાં પણ હલ્કી ગુણવત્તાનો

### ગ્રામજનો દ્વારા નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર થયો હોવાની રજુઆત વાસ્મો કા.પા.ઈજનેરને કરી

સામાન વાપરેલ છે. પાઈપો તથા કનેકશન હલ્કી ગુણવત્તામાં માલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. હલ્કી ગુણવત્તાના કારણે વારંવાર પંચરો પડે છે અને ગ્રામજનોને દુષિત પાણી પીવડાવવામાં આવે છે. ત્યારે પાણીના ટાંકા થી ગ્રામ પંચાયત પાસે વાલ્વ મુકેલ હોય ત્યાં નવી પાઈપ લાઈન નાખવામાં આવે. નવી પાણીના ટાંકાની મેઈન પાણીની લાઈન સંપ બનાવેલ છે. તેમાં પાઈપ લાઈન જોઈન્ટ કરવામાં નહીં આવતાં પાણી તથા આંટા ફળીયા અને પીપખીવાના ફળીયામાં નળ થી પાણી મળી રહ્યું નથી. લાખો રૂપીયાના ખર્ચે નલ સે જલ યોજના લોકોની સુવિધા માટે ઉપલબ્ધ કરવામાં આવી છે. તેમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થયો હોય ત્યારે જુનીઘરી ગામે જે કોન્ટ્રાકટર દ્વારા નલ સે જલ યોજનાની કામગીરી કરવામાં આવી તેની સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે જુનીઘરી ગામના ગ્રામજનો દ્વારા ગોધરા વાસ્મો કચેરી નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિત રજુઆત કરવામાં આવી.

## ઘોઘંબા તાલુકાની તાલુકા પ્રાથમિક શાળામાં ૧૫૫ માં શાળા વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકા મથકે આવેલી તાલુકા પ્રાથમિક શાળામાં ચાલુ વર્ષે શાળાના ૧૫૫માં વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી જેમાં આમંત્રિત મહેમાનો હાજર રહ્યા હતા અને શોભામાં વધારો કર્યો હતો. શાળામાં વિદ્યાર્થીઓની નિયમિત હાજરી વધે અને વિદ્યાર્થીઓ તથા વાલીઓનો શાળા પ્રત્યે આકર્ષણ તથા સંબંધો જળવાઈ રહે તે માટે શિક્ષકો દ્વારા વિવિધ સંસ્કૃતિ કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. શાળાના બાળકો દ્વારા વિવિધ સંસ્કૃતિ કાર્યક્રમમાં કરીને પોતાની સુષુપ્ત શકિતઓનું પ્રદર્શન કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. વિદ્યાર્થીઓ




પોતાના અભ્યાસની સાથે સાથે વિવિધ કલાઓમાં પણ ખૂબ હોશિયાર હોય છે તે આવા કાર્યક્રમો પરથી સમાજને જોવા મળતું હોય છે.

આ પ્રસંગે પંચમહાલ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન રમેશભાઈ રાઠવા, બી.આર.સી.કો. પ્રવીણભાઈ સોલંકી, આચાર્ય પિયુષભાઈ પટેલ, સરપંચ નિલેશભાઈ વરીયા, કિરીટભાઈ તલાટી તથા SMC સભ્યો અને મોટી સંખ્યામાં નગર જનો ઉપસ્થિત રહ્યા હતાં. સાથે સાથે આ કાર્યક્રમમાં ગામના સરપંચ નિલેશભાઈ વરિયા દ્વારા અને ઉપસ્થિત મહેમાનો દ્વારા શાળા સ્ટાફ અને સર્વ કર્મચારીઓની પ્રશંસા કરી હતી. પધારેલા સર્વ મહેમાનો દ્વારા ઘોઘંબા તાલુકા મથકે આવેલી સરકારી પ્રાથમિક શાળા ઉત્તરો ઉત્તર પ્રગતિ કરે અને તેમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ ઉચ્ચ કક્ષાની સિદ્ધિઓ પ્રાપ્ત કરી ઘોઘંબા તાલુકાનું નામ રોશન કરે તેવા આશીર્વાદનો પણ પાઠવ્યા હતા. અને બાળકોને પ્રોત્સાહક ઈનામ પણ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ગોધરા રામસાગર તળાવના એક તરફના ખુલ્લા ભાગમાં ગંદકીનુ સામ્રાજય : સ્વચ્છતા અભિયાનને કલંક સમાન

### રામસાગર તળાવના બ્યુટિફિકેશન કામગીરી કરવામાં આવે તેવા પ્રયત્નો પાલિકા તંત્ર કરે તે જરૂરી

ગોધરા,

ગોધરા શહેરની મધ્યમાં આવેલ રામસાગર તળાવ જે નગરની સુંદરતાને ચાર ચાંદ લગાવે છે તેવા તળાવ એક તો ચારે તરફથી શોપિંગ સેન્ટરને લઈ ઢંકાઈ ગયેલ છે માત્ર સોનીવાડ હોળીચકલા વિસ્તારનો એક ભાગનો તળાવનો ખુલ્લો છે. તેની પણ પાલિકા તંત્ર જાળવણીના અભાવે ગંદકીથી ઉભરાઈ રહ્યો છે.ગંદકીને લઈ નગરના સ્વચ્છતા બાબતની જાગૃતિના અભાવની ચાડી ખાય છે ત્યારે તળાવની ફરતે ગંદકીને દુર કરવાનો ખ્યાલ પાલિકા તંત્ર કરે તે જરૂરી છે.

ગોધરા માત્ર એક એવુ શહેર છે જેના તળાવની ચારે તરફ બાંધકામ કરીને બંધ કરી દેવામાં આવ્યુ હોય. સામાન્ય રીતે શહેરમાં આવેલા તળાવોને ચારે તરફ ખુલ્લા રાખીને તેની સ્વચ્છતાં અને નગરજનો સહેલગાહ માટેની સુવિધાઓ ઉભી કરવામાં આવતી હોય છે. પરંતુ ગોધરા શહેરની મધ્યમાં આવેલ રામસાગર તળાવને વર્ષોથી ચારે તરફથી બાંધકામ કરીને પાલિકા શોપિંગ સેન્ટર બનાવીને તળાવને બંધિયાળ બનાવ્યુ છે. રામસાગર તળાવનો માત્ર સોનીવાડ હોળીચકલાથી પીપળા સુધીનો ભાગ ખુલ્લો છે. તેની પણ જાળવણી અને સ્વચ્છતા પાલિકા તંત્ર દ્વારા રાખવામાં નિષ્ફળ જોવા મળી રહી છે. તળાવના ખુલ્લા ભાગની આરાઓ ઉપર ગંદકીના ઢગલાઓ જામેલા જોવા મળી રહ્યા છે. તળાવમાં જળકુંભી પણ છવાઈ જતા તળાવની સુંદરતાને કલંક લગાડી રહ્યો છે. રાજય સરકાર દ્વારા રામસાગર તળાવના બ્યુટિફિકેશન માટે આયોજન કરવામાં આવ્યુ હતુ. તે બ્યુટિફિકેશનની કામગીરી કોઈપણ કારણોસર અટકી પડી છે જો રામસાગર તળાવના બ્યુટિફિકેશની કામગીરી કરવામાં ન આવે ત્યાં સુધી તળાવના ખુલ્લા રહેલ ભાગની ગંદકીના ઢગલાઓ દુર કરાવીને સ્વચ્છતાં કરવામાં આવે તેવુ આયોજન પાલિકા તંત્ર કરે તે જરૂરી છે.

## ગોધરા ટપાલ સેવાના બહોળા પ્રચાર માટે અધિવેશન અને મહામેળાનું આયોજન કરવામાં આવ્યું

ગોધરા

તારીખ ૧૯.૧૨.૨૦૨૨ ના રોજ અધિક્ષક ડાકઘર પંચમહાલ વિભાગ ગોધરા દ્વારા માનનીય ડાયરેક્ટર પોસ્ટલ સર્વિસિસ, સાઉથ ગુજરાત રીઝીયન, વડોદરા ના નેતૃત્વ બી.આર.જી.એફ. હોલ, જિલ્લા પંચાયત, ગોધરા ખાતે પોસ્ટ ઓફીસ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ જેવી કે સુકન્યા સમૃદ્ધિ ખાતા, પબ્લિક પ્રોવિડંડ એકાઉન્ટ સ્કીમ, રીકરીંગ ખાતા, ટાઈમ ડીપોઝીટ એકાઉન્ટ વિગેરેના બહોળા પ્રચાર માટે મહા અધિવેશન તેમજ મહામેળોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પંચમહાલ ડીવીઝનની સબ ઓફીસના પોસ્ટ માસ્ટર તેમજ બ્રાંચ પોસ્ટ ઓફીસના બ્રાંચ પોસ્ટ માસ્તર અને તમામ ઉપવીભાગીય ડાકઘર નિરીક્ષક સાથે ઉપસ્થિત રહી અધિવેશન ને સફળ બનાવ્યું. ડો. એસ. શિવરામ, ડાયરેક્ટર પોસ્ટલ સર્વિસિસ, સાઉથ ગુજરાત રીઝીયન દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૨–૨૦૨૩ માં એપ્રિલ–૨૦૨૨ થી નવેમ્બર–૨૦૨૨ સુધી જુદી જુદી કેટેગરીમાં ઉત્તમ કામગીરી કરનાર સબ પોસ્ટ માસ્તરોનું ઈનામ તેમજ પ્રસસ્તી પત્ર આપી સન્માન કરવામાં આવ્યું અને સદર અધિવેશનના ભાગરૂપે પંચમહાલ વિભાગની ૫૨૬ બ્રાંચ પોસ્ટ ઓફીસ અને ૪૨ હેડ તેમજ સબ ઓફીસ દ્વારા દિન ૦૪ માં વિવિધ કેટેગરીનાં ૮૫૭૧ જેટલા ખાતા ખોલવામાં આવેલ છે. ડો. એસ. શિવરામ, ડાયરેક્ટર પોસ્ટલ સર્વિસિસ, સાઉથ ગુજરાત રીઝીયન, વડોદરા દ્વારા દરેક સ્ટાફ ને સારી કામગીરી બાબતે અભિનંદન પાઠવ્યા અને પોસ્ટ ઓફીસની વિવિધ સ્કીમને ગામડાના છેવાડાના માણસ સુધી કઈ રીતે પહોચાડી શકાય તેનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું. માનનીય સર દ્વારા દરેક સ્ટાફ ને પ્રોત્સાહિત કરી વધુ સારી કામગીરી કરી શકે તે માટે નવો જોમ અને જુસ્સો પૂરો પડ્યો.

## હાલોલના મસવાડ ગામેથી ચોરીના કોપર વાયર અને ગેલ્વેનાઈઝ તાર મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપ્યા



હાલોલ,

ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, હાલોલના મસવાડ ગામના ત્રણ ઈસમો ભેગા મળી કોઈક જગ્યાએથી કોપરના વાયરો તેમજ ગેલ્વેનાઈઝ તાર ચોરી કરી ભેગા કરી વેચવાની પેરવીમાં હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૬૮,૪૫૦/–રૂપીયાના મુદ્દામાલ બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, હાલોલના મસવાડ ગામ રહેતા અશ્વિન ઉર્ફે અશોક રાઠવા, ગોપાલભાઈ સોમાભાઈ પરમાર તથા લક્ષ્મણ ઉર્ફે લખો ગોવિંદસિંહ રાઠોડ ભેગા મળી કોઈક સ્થળેથી કેબલ વાયરો ચોરી લાવી કોપર વાયર તેમજ ગેલ્વેનાઈઝ લોખંડના તાર અલગ કાઢીને થેલામાં સંતાડી રાખ્યા છે અને બાઈક ઉપર વેચવા જવાની પેરવીમાં છે. તેવી બાતમીના આધારે રેઈડ કરી કોપર વાયર–૧૨૦ કિલો, ગેલ્વેનાઈઝ મળી ૬૮,૪૫૦/– રૂપીયાના મુદ્દામાલ સાથે અશ્વિન ઉર્ફે અશોક રાઠવા, લક્ષ્મણ ઉર્ફે લખોને ઝડપી પાડવામાં આવ્યા. પુછપરછ દરમિયાન કીરલી કંપનીના કંપાઉન્ડમાં મુકી રાખેલ કેબલના રોલો માંથી પાણીના નાળા વાટે ચોરી કર્યાની કબુલાત કરતા હાલોલ પોલીસ મથકે કેબલ ચોરીના ગુન્હાનો એલ.સી.બી.પોલીસ ભેદ ઉકેલી અનડીકેટ કરવામાં આવ્યો.


## ગોધરા રેલ્વે સ્ટેશનની ૩૦ ડિસેમ્બરના રોજ જનરલ મેનેજર મુલાકાત માટે આવશે

ગોધરા,

ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે ૩૦ ડિસેમ્બરના રોજ રેલ્વે જનરલ મેનેજર મુલાકાત માટે આવી રહ્યા છે. જેને લઈ રેલ્વે સ્ટેશન ખાતે ચાલતી કામગીરીમાં ગતિ આવી છે. ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે આવતાં જનરલ મેનેજરને ટ્રેનના સ્ટોપેજ માટે રજુઆત રવામાં આવશે.

ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે ૩૦ ડિસેમ્બરના રોજ જનરલ મેનેજર મુલાકાતે આવી રહ્યા છે. ત્યારે રેલ્વે સ્ટેશન ખાતે ચાલતા વિકાસલક્ષી કામોમાં તેજી આવી છે. સાથે રેલ્વે સ્ટેશનને રંગરોગાન શરૂ કરવામાં આવી રહ્યું છે. રેલ્વે સ્ટેશનની જનરલ મેનેજરની મુલાકાત પહેલા ગોધરા ધારાસભ્ય દ્વારા રેલ્વે સ્ટેશનની મુલાકાત લેવામાં આવી અને રેલ્વે સ્ટેશન ખાતે ચાલતા કામોનું નિરીક્ષણ કરવામાં આવ્યું. ગોધરા ખાતે પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર મુલાકાત માટે આવી રહ્યા છે. ત્યારે પંચમહાલ જીલ્લાના જનતાની સુવિધા માટે વલસાડ ઈન્ટર સીટી અને ફિરોજપુર એકસપ્રેસને સ્ટોપેજ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવશે. સાથે ગોધરાના દર્શનાર્થીઓ નાથજી જવા માટે ઓખા–નાથદ્વારા ટ્રેનનું સ્ટોપેજ ફાળવવામાં આવે તેવી માંગ સામાજીક કાર્યકરો અને આગેવાનો દ્વારા કરવામાં આવશે.

## સરસ્વતી વિદ્યાચલ ઉજડા વાડી ખાતે વિવિધ રમતોત્સવ ઉજવણી




ગોધરા,

ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ કુદ મંત્રાલય અંતર્ગત નહેરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા સરસ્વતી વિદ્યાચલ ઉજળા વાડી સ્કૂલમાં ખેલકૂદ રમતોત્સવ આયોજન કર્યું હતું. તેમાં કબડ્ડી, દોડ, વોલીબોલ, ગોળાફેક, ખો–ખો જેવી વિવિધ રમતોની સ્પર્ધા ભાગ આ વિસ્તારના યુવા ભાઈઓ, બહેનોને લીધો હતો. આ સ્પર્ધા મુખ્ય હેતુ યુવાધન મજબૂત બને ખડતલ સાહસિક, ભાઈચારો અને ખેલદિલી ભાવના મજબૂત બને તેમજ તેમનાં રહેલી શકિત બહાર આવે અને વિવિધ ટીમો સાથે હરીફાઈ થઈ તેમાં બારીયા પ્રવિણ, પટેલ દિનેશ, મનુભાઈ પરમાર, અજય પરમાર, દિપકભાઈ પાદરીયા દ્વારા સફળ મેચરેફરી કરવામાં આવ્યું હતું. સમગ્ર સ્પર્ધા વિજેતા ટીમોને શાળાના આચાર્ય અરવિંદભાઈ પટેલ તેમજ જિલ્લા યુવા અધિકારી વિઠ્ઠલભાઈ ચોરમલે વરદ્દહસ્તે વિવિધ રમતોમાં વિજેતાઓને પ્રમાણપત્રો ટ્રોફી એનાયત કરવામાં આવ્યા હતા. સૌને હાર્દીક અભિનંદન સાથે ધન્યવાદ પાઠવ્યા હતા.

## શહેરાના તાડવા ગામે બાઈક અકસ્માતની વાતે બે ઈસમો દ્વારા મારમારી કરી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના તાડવા ગામે ફરીયાદીના ઘરે બે ઈસમો આવી મારા છોકરાની બાઈકને અકસ્માત કરેલ છે. તેમ કહી લાકડીના ગોદા મારી નીચે પાડી દઈ તેમજ વચ્ચે છોડાવવા પડેલ વ્યકિતને જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ. પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના તાડવા ગામે રહેતા રાજેશભાઈ સોલંકીના ઘરે બે આરોપી ઈસમો દિપકભાઈ ભાવસીંગ વણઝારા અને ભાવસીંગભાઈ વણઝારા આવીને તમારા છોકરાના છોકરાએ મારા છોકરાની બાઈકને એકસીડન્ટ કરેલ છે. તેમ કહીને લાકડી વડે ગોદા મારી ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરતાં આ બાબતે પોલીસ ફરિયાદ નોંધાઈ.

## હાલોલના ખરેડી ગામે ખેતરમાં વાવેતર કરેલ ૨.૩૩ લાખનો લીલો ગાંજા સાથે આરોપીને ઝડપી પાડતી SOG પોલીસ

હાલોલ,

હાલોલ તાલુકાના ખરેડી ગામે રહેતા ઈસમે ખેતરમાં વાવેતર કરેલ લીલો ગાંજો ૨૩,૩૩૦ કિલો કિંમત ૨,૩૩,૩૦૦/–ના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.



પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના ખરેડી ગામે રહેતા ઉદેસિંહ ભાઈલાલભાઈ બારીયા તેમના ભોગવટાના ખેતરમાં ગાંજા જેવી વનસ્તતિ ઉગવાડેલ છે. તેવી બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે આરોપી ઉદેસિંહ બારીયાને સાથે રાખીને તપાસ કરતાં ખેતર માંથી લીલો ગાંજો વજન ૨૩,૩૦૦/– કિલો કિંમત ૨,૩૩,૩૦૦/– રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે એનડીપીએસ એકટ મુજબ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી.

## ના હાથી પર, ના બુલેટ પર કે ના રૂફટોપ કાર પર, કાલોલની આ દીકરી બગીમાં બેસીને પહોંચી લગ્નના મંડપમાં

ગોધરા,

હાલ આખા દેશમાં લગ્નનો માહોલ ચાલી રહ્યો છે અને ઘણા બધા યુગલો પ્રભુતામાં પગલાં માંડી રહ્યા છે. આ દરમ્યાન લગ્નને લઈને ઘણી એવી ખબરો પણ સામે આવી રહી છે કે જેને જોઈને લોકો પણ હેરાન રહી જતા હોય છે. હાલ એવા જ એક લગ્નની ખબર પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાંથી સામે આવી છે. જ્યાં એક દીકરી બગી પર સવાર થઈને લગ્ન મંડપમાં જતી જોવા મળી રહી છે. દરેક દીકરીના બાળપણથી જ કેટલાક સપના હોય છે, નાની ઢીંગલીથી લઈને લગ્નમાં શાનદાર એન્ટ્રી કરવા સુધીના સપના આજે દીકરીઓ જોતી હોય છે, પરંતુ ઘણી દીકરીઓના સપના પૂર્ણ નથી થતા અને ઘણી દીકરીઓના સપના પૂર્ણ થઈ જતા હોય છે. આવું જ એક સપનું કાલોલના નિકિતા રાકેશભાઈ સોલંકી એ પણ જોયું હતું. જેને તેના



પિતાએ પૂર્ણ કર્યું. આજની છોકરીઓ જ્યાં ઘોડા પર, બુલેટ પર, રૂફટોપ કાર બેસીને જવાના સપના જોતી હોય છે ત્યાં નિકિતાએ બગી પર બેસીને લગ્ન સ્થળ પર જવાનું સપનું જોયું હતું. તેમના આ સપનાને નિકિતાના પિતા રાકેશભાઈ સોલંકીએ પૂર્ણ કર્યું અને નિકિતાને બગીમાં બેસાડી વાજતે ગાજતે લગ્ન મંડપ સુધી લઈ ગયા.

પોતાની દીકરીની ઈચ્છા પૂર્ણ કરવા માટે પિતા રાકેશભાઈએ ખાસ કાલોલથી બગી મંગાવી જેના પર નિકિતાને બેસાડ્યા, સાથે જ ડીજેના તાલ પર સગા, સંબંધીઓ, મિત્રો અને સ્નેહીજનો વાજતે ગાજતે લગ્ન મંડપ સુધી પહોંચ્યા હતા. પિતાએ આ પ્રસંગે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે નિકિતાએ નાનપણથી જ બગીમાં બેસવાનું સપનું જોયું હતું. જે મેં આજે પૂર્ણ કર્યું.

પંચમહી ટુડે સાથે વાત કરતા નિકિતાએ જણાવ્યું હતું કે, કન્યા ડોલીમાં જાય, કારમાં જાય, રૂફટોપવાળી કારમાં જાય પણ મારી ઈચ્છા હતી કે બગી પર સવારી સાથે મારી વિદાય કરવામાં આવે. મારી નાનપણથી ઈચ્છા હતી કે મારે આવી રીતે શાહી સવારી લઈને લગ્નમંડપથી ઘર સુધી જવું છે તો મારા મારા પિતા રાકેશભાઈ સોલંકીએ મારી ઈચ્છા પૂરી કરી છે. કાલોલના રસ્તાઓ પર નિકિતાને બગીમાં બેસીને જાણે શાહી સવારી નીકળી હતી, જેને જોવા માટે લોકોના ટોળા પણ ઉમટી પડ્યા હતા. નિકિતાને બગીમાં બેસીને આ રીતે લગ્ન મંડપ સુધી જતા જોવા પણ એક લ્હાવો હતો. હાથમાં તલવાર લઈને નાચતા ગાતા નિકિતા લગ્ન મંડપ સુધી પહોંચ્યા હતા.



નુતનએજ્યુકેશનટ્રસ્ટદ્વારાસંચાલિત બી.ફાર્મસીકોલેજ, રામપુરામાં એઆઈસીટી ઈસ્પાઈસના સોસીડેક કલબ અને એનએસએસ યુનિટ દ્વારા ૨૦મી ડીસેમ્બર, ૨૦૨૨ નારોજ થેલેસેમિયા ટેસ્ટીંગ, રકતદાન કેમ્પ તથા હેલ્થ ચેકપ કેમ્પનું આયોજન કરાયું. જેમાં કોલેજના ૭૧ જેટલા વિદ્યાર્થીઓએ થેલેસેમિયા ટેસ્ટીંગ કરાવ્યું અને ૨૭ જેટલા વિદ્યાર્થીઓ અને ૦૪ સ્ટાફ મિત્રોએ રકતદાનએ મહાદાન સુત્રને સાચું કર્યું છે. તે ઉપરાંત કોલેજના ૯૦ જેટલા વિદ્યાર્થીઓએ હેલ્થ ચેકપ કેમ્પનો લાભ લીધો હતો. જેમાં મેનેજમેન્ટનું પણ મહત્વનું યોગદાન છે.

## ગોધરા શહેરની ટ્રાફિક પોઈન્ટ ઉપર ટ્રાફિકની ભારે સમસ્યા : અવાર નવાર ટ્રાફિક જામના દ્રશ્યો

ગોધરા,

ગોધરા શહેરમાં ટ્રાફિકની સમસ્યા પ્રતિદિન વિકટ બનતી જાય છે. શહેરના અનેક સ્થળો ઉપર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતી જોવા મળી રહી છે. ટ્રાફિકના નિયમન માટે મુકવામાં આવેલ ટ્રાફિક પોલીસ અને ટી.આર.બી.જવાનો ચોકડી ઉપર વાતોના તડકા મારતા નજરે પડતા હોય છે ત્યારે જિલ્લા પોલીસ તંત્ર ટ્રાફિક સમસ્યાનુ સુચારૂ આયોજન થાય તેવા પ્રયત્નો કરે તે જરૂરી છે.

ગોધરા શહેરના ભુરાવાવ સર્કલથી લઈ બસ સ્ટેશન, ચર્ચા સર્કલ, બી.વી.ગાંધી પેટ્રોલપંપ પાસે કાયમી ધોરણે ટ્રાફિકની સમસ્યા સર્જાતી જોવા મળી રહે છે. શહેરમાં વધતા જતા વાહનોની સંખ્યા તેમજ વાહનો પસાર થવાના સમયે આ સ્થળો ઉપર ભારે ટ્રાફિકની સમસ્યા જોવા મળતી હોય છે. શહેરના તમામ સર્કલો ઉપર ટ્રાફિક પોઈન્ટ મુકવામાં આવ્યા છે. ટ્રાફિક પોલીસ કર્મચારી સાથે ટ્રાફિકના નિયમન અને સંચાલન માટે ટી.આર.બી.જવાનોને નિયુકત કરવામાં આવ્યા છે. છતાં પણ ટ્રાફિકનુ સંચાલન યોગ્ય રીતે ઘણુ જોવા મળી રહ્યુ નથી. ટ્રાફિક પોઈન્ટ ઉપર મુકવામાં આવેલ ટ્રાફિક પોલીસ અને ટી.આર.બી.જવાનો ચોકડી ઉપર ટોળુ વળીને વાતોના તડાકા મારતા જોવા મળે છે. તેમાં પણ ટી.આર.બી.જવાનોને ટ્રાફિક સંચલક કરવાનો અનુભવનો અભાવ જોવા મળી રહ્યો છે. પરિણામે ટ્રાફિકનુ યોગ્ય સંચાલન નહિ કરવામાં આવતા ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોય છે. અને અમુક વખત ટ્રાફિકને લઈને વાહનચાલકો વચ્ચે ચકમક થતી જોવા મળે છે. ટ્રાફિક પોઈન્ટ ઉપર મુકવામાં આવતા ટ્રાફિક પોલીસને યોગ્ય ટ્રાફિક સંચાલન તાલીમની જરૂરિયાત લાગી રહી છે. ટ્રાફિક પોઈન્ટ ઉપર ટ્રાફિક બિગ્રેડના જવાનો માત્ર ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા દ્વિચકીય વાહનોને રોકવા અને દંડ વસુલવામાં રસ દાખવતા જોવા મળતા હોય છે. ત્યારે જિલ્લા પોલીસ વડા દ્વારા શહેરના ટ્રાફિક પોઈન્ટો ઉપર ટ્રાફિક પોલીસ અને ટી.આર.બી.જવાનો યોગ્ય ટ્રાફિક સંચાલન કરી નગરજનોને ટ્રાફિકની સમસ્યાથી છુટકારો અપાવે તે જરૂરી છે.